RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 219 Dt. 1-12-2024 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**



# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ભાજપના : અજીત પવાર

## NCP નેતા પવારના નિવેદનથી રાજકારણ ગરમાયુ : શિવસેના-NCPને ડેપ્યુટી CM પદ આવશે આપવામાં

નવીદિલ્હી, તા. ૩૦

મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે આખરે મુખ્યમંત્રી પદને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. એનસીપી નેતા અજિત પવારે એક મોટું નિવેદન આપતા કહ્યું કે મુખ્યમંત્રી પદ ભારતીય જનતા પાર્ટી (બીજેપી) પાસે રહેશે, જ્યારે શિવસેના અને એનસીપીને ડેપ્યુટી સીએમ પદ આપવામાં આવશે. ભાજપ ઉપરાંત, મહાગઠબંધનમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની આગેવાનીવાળી એનસીપીનો સમાવેશ થાય છે. તાજેતરમાં પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ગઠબંધનનો જંગી વિજય થયો છે. ભાજપ ૧૩૨ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે જ્યારે શિવસેનાએ ૫૭ અને NCP ૪૧ બેઠકો જીતી છે. જો કે આગામી મુખ્યમંત્રીને લઈને હજુ સ્થિતિ સ્પષ્ટ નથી અને સરકાર રચવામાં વિલંબ થયો છે.

અજિત પવાર ૯૫ વર્ષીય સામાજિક કાર્યકર ડો બાબા આધવને મળવા શહેરમાં આવ્યા હતા. આધવે તાજેતરમાં પૂર્ણ થયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ના કથિત દુરુપયોગ સામે વિરોધ દર્શાવ્યો હતો જ્યારે અજિત પવારને પૂછવામાં આવ્યું કે રાજ્યના મુખ્યમંત્રી કોણ હશે, તો તેમણે કહ્યું કે, રાજ્યમાં ભાજપ તરફથી મુખ્યમંત્રી હશે. મહાયુતિમાંથી બે અન્ય પક્ષોમાંથી બે નાયબ મુખ્યમંત્રી હશે. સંભવતઃ શપથ ગ્રહણ સમારોહ ૫ ડિસેમ્બરે યોજાશે. અમે મજબૂત વિઝન સાથે આગળ વધવાનું નક્કી કર્યું છે.

ભાજપના મહારાષ્ટ્ર એકમના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેએ શનિવારે સાંજે જાહેરાત કરી હતી કે નવી મહાગઠબંધન સરકાર ૫ ડિસેમ્બરની સાંજે દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં શપથ લેશે. જો કે હજુ સુધી મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ ભાજપના સૂત્રોએ જણાવ્યું કે દેવેન્દ્ર ફડણવીસ સૌથી આગળ છે. ફડણવીસ બે વખત મુખ્ય પ્રધાન રહી ચૂક્યા છે અને અગાઉની એકનાથ શિંદેની આગેવાનીવાળી સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન હતા.

મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાન ભારતીય જનતા પાર્ટીમાંથી હશે અને મહાયુતિના સાથી પક્ષોના બે ડેપ્યુટી સીએમ હશે, અજિત પવારે શનિવારે નવી પસંદગી અંગે સસ્પેન્સ વચ્ચે જણાવ્યું હતું. રાજ્યમાં ભાજપમાંથી એક મુખ્યમંત્રી અને મહાયુતિના અન્ય બે પક્ષોના બે ડેપ્યુટી સીએમ હશે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડાના જણાવ્યા અનુસાર, કામચલાઉ રીતે, શપથ ગ્રહણ સમારોહ ૫ ડિસેમ્બરે યોજાશે. અમે મજબૂત વિઝન સાથે આગળ વધવાનું નક્કી કર્યું છે. મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુલેએ પુષ્ટિ કરી કે નવી મહાગઠબંધન સરકાર ૫ ડિસેમ્બરે મુંબઈના આઝાદ મેદાનમાં શપથ લેશે તે પછી પવારની ટિપ્પણીઓ આવી છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપીના મહાયુતિ ગઠબંધનનો જંગી વિજય થયો હતો. ભાજપ ૧૩૨ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી, જ્યારે શિવસેના અને એનસીપીએ અનુક્રમે ૫૭ અને ૪૧ બેઠકો જીતી હતી. ગુરુવારે, રખેવાળ સીએમ એકનાથ શિંદે, તેમના નાયબ દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર રાષ્ટ્રીય રાજધાનીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના વડા જેપી નડ્ડાને મળ્યા હતા. બેઠક પહેલા શિંદેએ સ્પષ્ટ કર્યું હતું કે મુખ્ય પ્રધાન પદ અંગે ભાજપના ટોચના નેતૃત્વ દ્વારા કોઈપણ નિર્ણય તેમને સ્વીકાર્ય રહેશે. શિંદેએ થાણેમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, ''મેં ગઈકાલે પીએમ મોદી અને અમિત શાહને ફોન કર્યો અને તેમને નિર્ણય લેવા કહ્યું (કોણ સીએમ પદ સંભાળશે), અને તેમને ખાતરી આપી કે તેઓ જે પણ નિર્ણય લેશે, હું તેનું પાલન કરીશ.'' ''શિવસેનાના નેતા શંભુરાજ દેસાઈએ કહ્યું કે મહાયુતિના વરિષ્ઠ નેતાઓ સાથે બેસીને કેબિનેટની રચના અંગે ચર્ચા કરશે.

# અરવિંદ કેજરીવાલ પર હુમલો

## હુમલો કરનાર ભાજપી : આમ આદમી પાર્ટીના આરોપ





નવીદિલ્હી, તા. ૩૦

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર હુમલા બાદ રાજધાનીમાં આરોપ-પ્રત્યારોપનો દોર ચાલી રહ્યો છે. આને બીજેપીનું ષડયંત્ર ગણાવતા AAPએ કહ્યું કે ગ્રેટર કૈલાશમાં આજે જે વ્યક્તિ પર હુમલો થયો તે બીજેપીનો કાર્યકર હતો. જેનું નામ અશોક કુમાર ઝા છે. AAPએ પુરાવા તરીકે તેમનું સભ્યપદ કાર્ડ પણ જારી કર્યું છે. મુખ્યમંત્રી આતિશીએ ટ્વીટ કરીને લખ્યું, જો ભાજપ હારવા લાગે તો શું તમે મને મારી નાખશો? અશોક કુમાર ઝાનો ફોટો પણ શેર કર્યો છે. આ સિવાય તેણે લખ્યું કે, આજે દિવસભર એક બીજેપી કાર્યકર્તાએ અરવિંદ કેજરીવાલ પર હુમલો કર્યો. ત્રીજી વખત દિલ્હીની ચૂંટણી હારવાની હતાશા ભાજપમાં જોવા મળી રહી છે. દિલ્હીની જનતા ભાજપના આવા ગંદા કૃત્યોનો બદલો લેશે. ગત વખતે ૮ બેઠકો હતી, આ વખતે દિલ્હીની જનતા ભાજપને શૂન્ય બેઠકો આપશે.

દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે પત્રકાર પરિષદમાં માહિતી આપી હતી કે આ અશોક કુમાર બીજેપીનો માણસ છે. અમે તેની સોશિયલ મીડિયા પ્રોફાઈલ્સ એક્સેસ કરી છે. તે પીએમ નરેન્દ્ર મોદી, યોગી આદિત્યનાથ, સંગીત સોમ અને બાંસુરી સ્વરાજને ફોલો કરે છે. અમને તેની પ્રોફાઇલ પરથી તેનું બીજેપી આઈડી કાર્ડ પણ મળ્યું છે. તેઓ પાર્ટીના સત્તાવાર સભ્ય છે. સૌરભ ભારદ્વાજે કહ્યું, ભાજપના નેતાઓ તમામ રાજ્યોમાં રેલીઓ કરે છે, તેમના પર ક્યારેય હુમલો થતો નથી. અરવિંદ કેજરીવાલ પર સતત પ્રહારો થઈ રહ્યા છે. નાંગલોઈમાં ભાજપે તેમના પર હુમલો કર્યો. છતરપુરમાં તેમના પર હુમલો થયો હતો. દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે અને કેન્દ્ર સરકાર અને ગૃહમંત્રી કંઈ કરી રહ્યા નથી. AAPએ કહ્યું કે છેલ્લા ૩૫માં આ ત્રીજો હુમલો છે. અગાઉ, ૨૫મી ઓક્ટોબરે વિકાસપુરીમાં, ૨૭મી નવેમ્બરે નાંગલોઈમાં અને આજે ૩૦મી નવેમ્બરે ગ્રેટર કૈલાશમાં હુમલો થયો હતો. શું ભાજપ કેજરીવાલને મારવા માંગે છે? હુમલાખોરો સામે પગલાં કેમ લેવાતા નથી?

ટ્વિટ કરીને અમિત શાહ પર પ્રહાર કરતા કેજરીવાલે લખ્યું કે, અમિત શાહ જી, તમે મને રોકો તો શું થશે, દિલ્હીથી ગુનાખોરી બંધ કરો. મને રોકવાથી દિલ્હીમાં ગુનાખોરી ઘટશે? શું મને રોકવાથી દિલ્હીમાં ખુલ્લેઆમ ગોળીબાર બંધ થશે? શું દિલ્હીની મહિલાઓ સુરક્ષિત બનશે? શું દિલ્હીના વેપારીઓ સુરક્ષિત રહેશે?

### તપાસમાં કોઈ મોટી વસ્તુ હાથ લાગી ન હોવાનું સૂત્રોનું માનવુ

# તીર્થક, રાધે ગ્રુપ પર ITના દરોડા પૂર્ણ?

રાજકોટ, તા. ૩૦

મોરબી સહિત મહેસાણા ગાંધીનગર અને અમદાવાદમાં આવકવેરા વિભાગના દરોડા પડ્યા હતા જેમાં તીર્થક ગ્રુપ રાધે ગ્રુપ સોહમ કોલ ચાવડા ઈન્ફ્રા સહિત અન્ય બે ગ્રુપ ઉપર આવકવેરા વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા મળતી માહિતી મુજબ આદરોડા આગામી ચારથી પાંચ દિવસ સુધી ચાલે તેવું સૂત્રોનું માનવું હતું પરંતુ ક્યાંકને ક્યાંક ગઈકાલે જ સમગ્ર તપાસને આટોપી લેવામાં આવી હોય તેવું જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે. હવે જોવાનું એ રહ્યું કે શું આ વાત સાચી છે કે કેમ કારણકે હાલ જે વિગતો સામે આવી રહી છે તે મુજબ જે આઉટ કમ આવવું જોઈએ તે આવ્યું નથી એટલું જ નહીં જે અપેક્ષા હતી તે મુજબનું હજુ પણ કાંઈ બહાર આવ્યું નથી જેને લઈને તપાસ પૂર્ણ કરી દેવામાં આવી હોય તેવું હાલ સુત્રો જણાવી રહ્યા છે.

હાલ મહત્વનું એ છે કે આવનારા દિવસોમાં સાંજે અનેકવિધ ચર્ચા ઊભી થાય તો નવાઈ નહીં કારણકે જ્યારે ૭૦ થી વધુ અધિકારીઓ કોઈ દરોડામાં જોડાણા હોય અને ૩૫ જેટલી જગ્યાઓ પર સર્ચ ઓપરેશન હાથ ધરાય અને તે જગ્યા પરથી જોઈએ તેટલું આઉટકમ બહાર ન આવે અને તાકીદે દરોડા પૂર્ણ કરી દેવામાં આવે તો એક નહીં અનેક પ્રશ્નો ઉભા થઈ શકે. ગઈકાલે મહત્વની વાત એ છે કે ઘણી ખરી ચોકાવનારી વિગતો પણ આવકવેરા વિભાગને હાથ લાગી હતી એટલું જ નહીં ઝવેરાત અને રોકડ રકમ પણ આકવેરા વિભાગને હાથ લાગી હોવાનું સૂત્ર જણાવ્યું હતું ત્યારે અચાનક ગઈકાલે દરોડા પૂર્ણ કરવાની વાત આવી જતા ઘણા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને આને લઈ ઉદ્યોગ જગતમાં પણ ચર્ચાએ જોર પકડ્યું છે. પરંતુ હાલ પહેલા વિભાગના અધિકારીઓ આ અંગે કોઈ પણ પ્રકારની સ્પષ્ટતા કરી રહ્યા નથી ત્યારે સત્ય હકીકત શું છે તેનાથી હજુ પણ લોકો અજાણ છે પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ તપાસ પર પૂર્ણવિરામ મૂકી દેવામાં આવ્યો હોવાનું હાલ માલુમ પડી રહ્યું છે.






## કથાના આઠમાં દિવસે હકડેઠઠ્ માનવમહેરામણ ઊમટી પડ્યું






# વૃદ્ધો એટલે જ્ઞાનવૃદ્ધ, અનુભવવૃદ્ધ, વૈરાગ્યવૃદ્ધ, ધર્મવૃદ્ધ, સ્મૃતિવૃદ્ધ : બાપુ

## વૃદ્ધના ચરણમાં પણ બ્રહ્મા વસે છે, તેમાં પણ વિષ્ણુ અને મહેશ છે માટે વૃક્ષ અને વૃદ્ધને હમેશા પ્રણામ કરવા

રાજકોટ, તા. ૩૦

માનસ સદભાવના રામકથાના આજે આઠમા દિવસે પૂ. મોરારિબાપુએ એક શ્લોક દ્વારા વૃક્ષ અને વૃદ્ધનો મહિમા ગાયો. તેમણે શ્લોક ટાંક્યો -'મૂલે બ્રહ્મા, ત્વચા વિષ્ણુ, શાખે રુદ્ર મહેશઃ પત્રે પત્રે તું દેવસ્રામ, વૃક્ષરાજ નમોસ્તુતે' પૂ. મોરારિબાપુએ અર્થ કરતાં જણાવ્યું કે જેના મૂળમાં બ્રહ્મા છે, ત્વચા માં વિષ્ણુ છે,શાખામાં મહેશ્વર છે, પાંદડે પાંદડે પરમાત્મા છે તેવા વૃક્ષને અમે પ્રણામ કરીએ છીએ. તેમણે એમ પણ કહ્યું કે વૃદ્ધ ના ચરણમાં પણ બ્રહ્મા વસે છે, તેમાં પણ વિષ્ણુ અને મહેશ છે માટે વૃક્ષ અને વૃદ્ધને હમેશા પ્રણામ કરવા.

પૂ. મોરારિબાપુએ જણાવ્યું કે સદભાવના વૃદ્ધાશ્રમ ભારતની પૃથ્વીને હરિત કરવા સંકલ્પ કર્યો છે ત્યારે આપણે સૌ એમાં જોડાઈ જઈએ. વૃક્ષ અને વૃદ્ધ વિના આપણું કલ્યાણ નથી. ભારતીય પરંપરામાં વૃક્ષ અને વૃદ્ધનું મહિમા ગાન કરવામાં આવ્યું છે. તેમણે શાસ્ત્રોમાં આધાર લઈ વૃદ્ધોને જ્ઞાનવૃદ્ધ, અનુભવવૃદ્ધ, વૈરાગ્યવૃદ્ધ, ધર્મવૃદ્ધ, સ્મૃતિવૃદ્ધ કહ્યા. તેમણે કહ્યું કે રામકથામાં સાત પ્રકારના વૃદ્ધોનો ઉલ્લેખ છે. પૂ. મોરારિબાપુએ રાજકોટ હવે રામમય બની ગયું છે તેમ કહી કાયમ માટે રામમય રહે એ માટે પોતે હનુમાનજીને પ્રાર્થના કરશે તેવું પણ જણાવ્યુ હતું. તેમણે આજની કથામાં સીતાજીનું વર્ણન કરી ભારતીય નારીની શોભા, શીલ, સ્નેહ વગેરે અલંકારો હોવાનું જણાવ્યું. મહાભારતની કથા યાદ કરીને મહાભારતમાં જે છે તે દુનિયામાં છે અને જે મહાભારતમાં નથી તે દુનિયામાં ક્યાંય નથી એવું પણ જણાવ્યું હતું.

પૂ. મોરારી બાપુ દેશના પ્રખ્યાત રામકથાકાર છે. તેઓ માત્ર દેશમાં જ નહીં,પરંતુ સમગ્ર વિશ્વમાં રામકથાનું આયોજન કરે છે. તેમની કથા કહેવાની શૈલી અનોખી હોય છે.પૂ. મોરારી બાપુનો જન્મ તલગાજરડા ગામમાં થયો હતો. તેઓએ માત્ર રામાયણ જ નહી, સાહિત્યને પણ એટલું જ મહત્વ આપ્યું છે. તેમની પ્રેરણાથી ઘણાં બધાં સાહિત્ય પુરસ્કારો પણ આપવામાં આવે છે. મોરારિબાપુએ મે, ૧૯૬૬માં ગાંઠિલા(તા. વંથલી,જિ. ભાવનગર) માં રામકથાનું પ્રથમ નવાહન પારાયણ કર્યું અને તે પછી તો દેશ-વિદેશમાં તથા સ્ટીમર, એરોપ્લેન વગેરેમાંયે કથાઓ કરતા રહ્યા. તેમણે કૈલાસ-માનસરોવર જઈને ત્યાં પણ કથા-પારાયણ કરેલું છે. તેમણે ૯૪૭ કથા-પારાયણ કર્યાં છે. તેમણે ગુજરાતીમાં તેમજ હિન્દીમાં પણ રામકથાનાં સુંદર પારાયણો કરેલા છે. અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, બ્રાઝીલ, સાઉથ આફ્રિકા, જાપાન, શ્રાલંકા, ઇન્ડોનેશિયા, ઇઝરાયેલ, યુ એન સહિતનાં ઘણા દેશોમાં રામકથા કરી છે. સંયુક્ત રાષ્ટ્ર મથક ખાતે મોરારી બાપૂની રામ કથા કરાઈ હતી તે કથામાં એ.આઈ(આર્ટિફીશિયલ ઇન્ટલીજન્સ)નો ઉપયોગ કરીને તેમની પોતાની અવાજમાં અંગ્રેજી સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું હતું.

પૂજ્ય મોરારી બાપૂએ ન્યુયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં રામકથાનું આયોજન કર્યુ હતુ. યુએનના મુખ્યાલયમાં કરાયેલ આ આયોજન કોઇપણ આધ્યાત્મિક ગુરૂ દ્વારા કરાયેલું આ પ્રકારનું પ્રથમ આયોજન હતું. બાપુએ તેમના નવ દિવસીય આધ્યાત્મિક કાર્યક્રમ સંસ્થાનને સમર્પિત કર્યો હતો અને વૈશ્વિક શાંતિ માટે પ્રાર્થના કરી હતી. તેઓ યુએનની જનરલ એસેમ્બલી પણ ગયાં હતાં, જ્યાં તેમણે ગોસ્વામી તુલસીદાસનું રામચરિત માનસ (રામાયણ) મૂકીને વૈદિક સ્તોત્રનો ઉચ્ચાર કર્યો હતો. આ પ્રવચનના મુખ્ય પાંચ તત્વો હતાં આકાશ, જળ, પૃથ્વી, વાયુ અને અગ્નિ. બાપુએ સંયુક્ત રાષ્ટ્રના ઉપ મહાસચિવ અમીના જે. મોહમ્મદ સાથે મુલાકાત કરી હતી, જેમણે કહ્યું કે, અગાઉ તમે સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયની પરિક્રમા કરી હતી અને હવે તમે મુખ્યાલયના કેન્દ્રમાં છો. તેમણે કહ્યું કે આ આયોજને ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલને સાકાર કરવાના પ્રયાસોને બળ આપ્યું છે. બાપુએ તેમને કહ્યું હતું કે, તેમની વ્યાસપીઠ હંમેશા વિશ્વ શાંતિ,વિશ્વ પ્રગતિ અને વિશ્વ સુખ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘના કાર્યક્રમની સાથે રહેશે. તેમણે હંમેશા ભારપૂર્વક કહ્યું છે કે વિશ્વના નેતાઓએ સ્વાર્થ છોડીને ઇઝરાયલ અને યુક્રેન સહિત અન્ય ચાલી રહેલાં યુદ્ધની સમાપ્તિ માટે પ્રયાસો કરવા જોઇએ.

પૂ.મોરારિબાપુએ સનાતન ધર્મનો યજ્ઞમાં પોતાની પૂર્ણ,પુણ્ય આહુતિ આપી છે. પૂ.બાપુ સારા વક્તા તો છે,પણ એટલા જ સારા શ્રોતા પણ છે. વિશ્વોત્તમ પ્રતિભાઓથી માંડીને લોકજીવનના તળિયાના માણસ સુધી સૌને સમાન ધારણાથી બાપુ સાંભળી શકે છે. કોઈ પણ કલાકાર, ગાયક, વ્યાખ્યાતાની પ્રસ્તુતિની કલાની ટોચની પળ બાપુ પકડી જાણે છે અને આગવી રીતે પોંખે - દાદ આપે. ક્યારેક ઝૂમી ઊઠતા દેખાય, ક્યારેક હાથ લંબાવીને વધાવતા હોય, તો ક્યારેક ખભો ઊંચકીને મોજનો ઉમળકો બાપુ બતાવતા હોય.

રામકથા તો છેવટે રામકથા જ રહેવાની પણ રામાયણને કેન્દ્રમાં રાખીને બાપુએ તદ્દન અલગ-અલગ વિષયોને આવરી લેતી અનેક કથાઓ કરી છે. ૧૯૭૬માં થઇ હતી ત્યારબાદ ૧૯૮૨, ૧૯૮૬ અને એ પછી ૧૯૯૮ માં માનસ મુદ્રિકા, ૨૦૦૭ માં માનસ વાલ્મિકી,૨૦૧૨ માં માનસ હરિહર નામે રામકથા યોજાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિઃસંતાન, નિરાધાર, પથારીવશ,બીમાર વડીલ માવતરના લાભાર્થે ખૂબ આનંદ અને ભક્તિભાવ સાથે પ્રખર રામાયણી પૂ.મોરારિબાપુ દ્વારા, વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના'' શરુ થઇ ચુકી છે. આ કથા ૧ ડીસેમ્બર સુધી ચાલશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ૩૦ એકર જગ્યામાં, ૫૦૦૦ નિઃસંતાન, નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું ૧૪૦૦ રૂમ યુક્ત નવું પરિસર ૩૦૦ કરોડનાં માતબર ખર્ચે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો અને તેની વૃક્ષારોપણની પ્રવૃત્તિનાં લાભાર્થે આ વૈશ્વિક રામકથા યોજાઈ છે. રામકથા દરમિયાન વડિલોનું માન, પર્યાવરણ જતન અને જીવનમાં વૃક્ષોના મહત્વ અંગેની પણ વાત કરવામાં આવી રહી છે. આ કથા દરમિયાન જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃધ્ધાશ્રમની સેવાસુશ્રુસા, નવા અદ્યતન પરિસરના નિર્માણ અને સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૪ વર્ષ સુધી ઉછેર કરવાની પ્રવૃતિના વિકાસ માટે, સમગ્ર ભારતને ગ્રીન કરવા માટે વાપરવામાં આવશે.



### ગોવિંદભાઈ ધોળકિયાએ ૧ કરોડનું કર્યું અનુદાન

માનસ સદભાવના રામકથાના આઠમા દિવસના પ્રારંભે સુરતના ઉધ્યોગપતિ અને સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા તરફથી ૧ કરોડ રૂપિયા, નડિયાદ સંતરામ મંદિર તરફથી રૂપિયા ૧૧ લાખ, કલ્પસર સરોવર સમિતિ તરફથી ૧૧,૧૧,૧૧૧ નું અનુદાન પ્રાપ્ત થયું.આ તકે પ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજી જણાવ્યું કે સૌરાષ્ટ્રમાં જેમ પૂ. જલારામબાપાનું મંદિર અન્નદાન માટે વિખ્યાત છે તેમ નડિયાદમાં સંતરામ મંદિર વિખ્યાત છે. આજે તેમના સંતોએ અહી પધારી સદભાવના વૃદ્ધાશ્રમને રૂપિયા ૧૧ લાખનું અનુદાન આપ્યું છે.કલ્પસર સરોવર સમિતિના અધ્યક્ષ વિનુભાઈ ગાંધીએ તેમણે મળેલા ૧૧ લાખના અનુદાનમાં ૧,૧૧૧ ઉમેરી સદભાવના વૃદ્ધાશ્રમને એનાયત કર્યા તો સુરતના ઉધ્યોગપતિ સવજીભાઈ ધોળકીયાએ ૧ કરોડ રૂપિયાનું અનુદાન આપ્યું. વિનુભાઈ ગાંધીએ આ તકે જણાવ્યું કે સૌરાષ્ટ્ર કચ્છની જળ સમસ્યાનો એક જ વિકલ્પ કલ્પસર યોજના છે. આપણે વડાપ્રધાનને વિનંતી કરીએ કે તેઓ આ યોજનાનો વહેલી તકે ખાત મુહૂર્ત કરે. આપણે સૌ માંગણી નહીં પણ સહયોગ કરીએ.જાણીતા મોટિવેશનલ રાઈટર પાર્થ ગિરીશભાઈ કોટેચાએ પૂ. મોરારિબાપુને પોતાનું પુસ્તક ભેટ આપ્યું હતું તો સદભાવના વૃદ્ધાશ્રમ પરિવારના જ હિતેશભાઈ રૂપારેલીયાની ભાણેજ માર્ગીએ પૂ. બાપુને તેમનું ચિત્ર અર્પણ કર્યું હતું. આજની કથામાં સંતરામ મંદિર, નડિયાદના સંતો, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, ડો. ભરતભાઈ બોઘરા, પૂર્વ મંત્રી કિરીટસિંહ રાણા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગઈકાલે કથાના આઠમા દિવસે પણ ભાવિકો કથા મંડપમાં ઉમટી પડ્યા હતા.

### આજે રામકથામાં વ્રજરાજ મહોદયની ઉપસ્થિતિ



માનસ સદભાવના રામકથામાં વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશનના પૂ. વ્રજરાજ કુમાર મહોદય ઉપસ્થિત રહેશે. વ્રજરાજકુમારજી મહોદયએ જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના ૧૮મા વંશજ છે. તેઓ પુષ્ટિમાર્ગ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) ની પ્રથમ આધ્યાત્મિક નેટવર્ક સંસ્થાના સ્થાપક અને પ્રેરક છે. વિશ્વના લગભગ ૧૫ દેશોમાં ''વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO)'' ની સ્થાપના કરવામાં આવી છે. વિશ્વભરના ૫ કરોડ વૈષ્ણવોને એક કરવા માટે આ પરમ પવિત્રતાની પહેલ છે. તેઓ તેમની દ્રષ્ટિ અને માર્ગદર્શન સાથે, વિશ્વભરમાં ૩૦ હવેલીઓ/સંકુલોમાં લાખો લોકોને પ્રેરણા આપી રહ્યા છે. તેમના દ્વારા ૨૦૦,૦૦૦ થી વધુ વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ લીધો છે. તેમના દ્વારા હજારો બાળકોને ધર્મ અને સંસ્કૃતિ વિશે મૂળભૂત અને સરળ ભાષાલક્ષી જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. તેમના દ્વારા સમગ્ર વિશ્વમાં ૨૫૦ થી વધુ કથાઓનું પઠન કરવામાં આવ્યું છે. ઘણા લોકોએ તેમની કથાથી પ્રેરિત થઈને વ્યસન છોડ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિઃસંતાન, નિરાધાર, પથારીવશ,બીમાર વડીલ માવતરના લાભાર્થે ખૂબ આનંદ અને ભક્તિભાવ સાથે પ્રખર રામાયણી પૂ.મોરારિબાપુ દ્વારા, વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના'' શરુ થઇ ચુકી છે. આ કથા ૧ ડીસેમ્બર સુધી ચાલશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ૩૦ એકર જગ્યામાં, ૫૦૦૦ નિઃસંતાન, નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું ૧૪૦૦ રૂમ યુક્ત નવું પરિસર ૩૦૦ કરોડનાં માતબર ખર્ચે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો અને તેની વૃક્ષારોપણની પ્રવૃત્તિનાં લાભાર્થે આ વૈશ્વિક રામકથા યોજાઈ છે. રામકથા દરમિયાન વડિલોનું માન, પર્યાવરણ જતન અને જીવનમાં વૃક્ષોના મહત્વ અંગેની પણ વાત કરવામાં આવી રહી છે. આ કથા દરમિયાન જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃધ્ધાશ્રમની સેવાસુશ્રુસા, નવા અદ્યતન પરિસરના નિર્માણ અને સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૪ વર્ષ સુધી ઉછેર કરવાની પ્રવૃતિના વિકાસ માટે, સમગ્ર ભારતને ગ્રીન કરવા માટે વાપરવામાં આવશે.

### નાગરિક બેંકે ૧૧ લાખનું આપ્યું અનુદાન

રાજકોટ નાગરીક બેંક લી. દ્વારા અગાઉથી ઘોષિત થયેલું ૧૧ લાખનું અનુદાન રાજકોટ નાગરીક બેંક લી. ના સર્વે સતાધીશોએ સામાજિક ઉતરદાચિત્વનાં ભાગરૂપે દિનેશભાઈ પાઠક (ચેરમેન), ડાયરેકટરો જયોતીબેન ભટ્ટ, ચંદ્રેશભાઈ ધોળકીયા, હસુભાઈ ચંદારાણા, બ્રિજેશભાઈ મલકાણ, મૌલીકભાઈ શાહ, અશોકભાઈ ગાંધી તથા પૂર્વ ડાયરેકટર હંસરાજભાઈ ગજેરા, દેવાંગભાઈ માંકડ, એડવોકેટ ડો. માધવ દવે દ્વારા સદભાવના વૃધ્ધાશ્રમનાં શુભાર્થે યોજાયેલ પૂ. મોરારિબાપુની વૈશ્વિક ''માનસ સદભાવના'' રામકથામાં પધારી સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલોની સેવા માટે બેંક દ્વારા અગાઉથી ઘોષિત થયેલું ૧૧ લાખનું અનુદાન અપાયું. રાજકોટ નાગરીક બેંક લી. ના આ પ્રેરણાદાયી અનુદાનથી વૃદ્ધાશ્રમના વૃદ્ધોના કલ્યાણ માટેનાં આ સારા કાર્યને પ્રોત્સાહન મળશે. રાજકોટમાં છેલ્લા દસ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના નિઃસંતાન વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા નિઃસંતાન વૃધ્ધો/વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ લેવામાં આવતો નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૬૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે તેમાંથી ૨૦૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. ૩૦ એકરની જગ્યામાં ૫૦૦૦ વડીલો સમાઈ શકે તે માટે ૩૦૦ કરોડનાં માતબર ખર્ચે ૧૪૦૦ રૂમ યુક્ત સદભાવના વૃદ્ધાશ્રમ રામપર, જામનગર રોડ, રાજકોટ ખાતે બની રહ્યું છે.





# રામકથામાં મહાપ્રસાદની વ્યવસ્થા માટેની ભોજન સમિતીએ રંગ રાખ્યો

## ૫૦૦ સેવાભાવીની વિશાળ ફૌજ નાનેરાથી મોટેરા કથાશ્રાવકોને ‘દિલ’થી કરાવ્યા ‘ભોજનીયા’

રાજકોટ, તા. ૩૦

વૈશ્વિક રામ કથા નો આજે છેલ્લો દિવસ છે ત્યારે છેલ્લા આઠ દિવસથી પ્રતિ દિવસ ૫૦,૦૦૦ થી વધુ લોકો પ્રસાદ લઈ રહ્યા છે રસોઈ સમિતિના સભ્યોના જણાવ્યા અનુસાર મોરારીબાપુ દ્વારા હરહંમેશ કહેવામાં આવે છે કે ભજન અને ભોજન નું હર હંમેશ દિવ્ય સંગમ હોવું જોઈએ જેને ધ્યાને લઈને એક અલગ જ વ્યવસ્થા સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ઉભી કરવામાં આવી છે ત્યારે કથા શ્રવણનો લાભ લેતા શ્રાવીકો ભૂખ્યા ન જાય અને તેઓને નિયમિત પ્રસાદ મળતો રહે તે માટે એક આગવું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આટલા મોટા આયોજન પાછળ એક બે સ્વયંસેવકો નહીં પરંતુ નિશુલ્ક અને કહી શકાય કે સેવાભાવી સ્વયંસેવકોની ફોજ ઊભી થઈ ચૂકી છે. આ ફોજમાં નાના બાળકોથી લઇ ગયો વૃદ્ધ લોકો ઉપસ્થિત શ્રાવકોની જઠરઅગ્નિ ઠારવા માટે સેવારત થયા છે.

સદભાવના વૃદ્ધાશ્રમના વડિલો તથા વૃક્ષ-ોના શુભાર્થે યોજાનારી પૂ.મોરારિબાપુની વૈશ્વિક રામકથા માનસ સદભાવના માં દરરોજ હજારો ભાવિકો પ્રસાદ લેવાના છે ત્યારે રસોડામાં મેનેજમેન્ટ સેવા રાજકોટના સુપ્રસિદ્ધ શ્રી આઈ ખોડિયાર રાસમંડળ ચેરિટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા બજાવવામાં આવશે. આઈ ખોડિયાર રા-સમંડળ ચેરિટેબલ ટ્રસ્ટનાં જાદવભાઈ મોહનભાઈ કાકડિયા, ભીખાભાઈ આંબલિયા, વલ્લભભાઈ મનજીભાઈ પટેલ અને કિશોરભાઈ મોહનભાઈ વાડોદરિયાના માર્ગદર્શનમાં ૨૫ થી વધુ સ્વયંસેવકો કથા પ્રસાદસ્થળે ઉપસ્થિત રહેશે અને રસોડાનું મેનેજમેન્ટ સંભાળશે. કેટલા ભાવિકોનો પ્રસાદ બનાવવો,ઉપરાંત પ્રસાદ વધે નહિ,ઘટે નહિ કે બગાડ ન થાય એ મેનેજમેન્ટ આ સ્વયંસેવકો દ્વારા કરવામાં આવશે. વળી ખોડલધામના ૧૦૦ બહેનો સુમિતાબેન કાપડિયાના માર્ગદર્શનમાં પ્રસાદ વિતરણની જવાબદારી નિભાવશે. આમ ભાવિકોના પ્રસાદની વ્યવસ્થામાં આઈ ખોડિયાર રાસ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ મહત્વની જવાબદારી વહન કરશે.

માધાપર, મનહરપુર, ઘંટેશ્વર, કણકોટ, મોટામવા, નવાગામ અને નાના મહુવાના સ્વયંસેવકો છેલા આઠ દિવસથી નિસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા છે અને કહી શકાય કે અત્યંત જરૂરી વ્યવસ્થા એવી રસોઈ ની જવાબદારી ઉપાડી લીધી છે. આ તમામ સ્વયંસેવકોની જો વાત કરવામાં આવે તો ઉપસ્થિત શ્રાવકો ને સહેજ પણ હેરાનગતિ અથવા તો તકલીફ વેઠવી ન પડે તે માટે હાલ આગવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે એટલું જ નહીં જરૂરી તમામ કામગીરી થાય તે માટે યોગ્ય સંકલન પણ સાધવામાં આવ્યું છે. માત્ર રાજકોટ જ નહીં ઘણા ખરા વયો વૃદ્ધ લોકો ગુજરાતના છેડેથી આવી રહ્યા છે અને તેઓ ના જણાવ્યા અનુસાર માત્ર રામકથામાં તથા સાંભળવા અને લોકોની એનકેન પ્રકારે સેવા કરવા માટે ખાસ સેવારત થયા છે. એટલું જ નહીં તે સર્વેના જણાવ્યા અનુસાર આજે કથાનો છેલ્લો દિવસ છે ત્યારે હવે કથા પૂર્ણ થઈ જતા પાંચથી છ દિવસ એક જ જોયું વાતાવરણ લાગશે કાર-ણકે જે કથા નો દિવ્ય સંગમ જોવા મળ્યો છે તે અકલ્પનીય છે અને આ વાતને ધ્યાને લઈને હાલ અનેક સેવકો ઢીલા પણ પડ્યા છે.

દરરોજ ૧ લાખ લોકો કથા શ્રવણનો લાભ લેશે અને દરરોજ ૫૦,૦૦૦ લોકો ભોજન-પ્રસ-ાદ ગ્રહણ કરશે. ૧૫૦થી વધુ રસોઈયા દરરોજ અન્નપૂર્ણા ભંડાર તૈયાર કરશે, જેમાં ૯ દિવસની આ કથા દરમિયાન દરરોજ એક મીઠાઈ, ૨ શાક, ફરસાણ, દાળ-ભાત આપવામાં આવશે. એ માટે ૧૫ ટન ઘઉંનો લોટ, ૩૦૦ ડબ્બા ઘી, ૨૦૦૦ ડબ્બા તેલ, ૫૦૦૦ કિલો ખાંડ, ૬૦૦૦ કિલો ચોખા સહિતનો જથ્થો લાવવામાં આવ્યો છે. દરરોજ ચૂલા પર ૨૨૦૦થી ૨૫૦૦ કિલો લોટની રોટલી બનાવવામાં આવશે, જ્યારે દૈનિક ૧૦૦૦ લિટર દાળ અને ૬૦૦૦ કિલો શાક બનાવવામાં આવશે. ૧૫૦થી વધુ રસો-ઈયા રોજ ૫૦,૦૦૦થી વધુ શ્રાવકો માટે પ્રસાદ બનાવશે રામકથા દરમિયાન ભોજનની વ્ય-વસ્થા કરતા કેતન પટેલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે રેસકોર્સ મેદાનમાં યોજનારી રામકથામાં દરરોજ ૪૫ હજાર જેટલા શ્રાવકો કથા શ્રવણ કરશે, જેમાં ભોજનની વ્ય-વસ્થા કરવામાં આવી છે, એમાં માઁ અન્નપૂર્ણાનો ભંડાર તૈયાર કરવામાં આવશે. આના માટે ઇડ-રવાળા જિતુભાઈને કેટરિંગ આપવામાં આવેલું છે, જેના ૧૫૦થી વધુ રસોઇયાઓ રસોઈ બનાવવાના છે. લાઈવ ચૂલા પર સ્વામિનાર-ાયણની રોટલી બનાવવામાં આવશે, સાથે જ લોટ બાંધવા માટે મશીન રાખેલું છે. ભોજન પ્રસાદમાં પ્રથમ દિવસે ફાડા લાપસી, મિક્સ ભજિયાં, મગ મિક્સનું શાક, રોટલી, દાળ-ભાત, શાક અને સંભારો આપવામાં આવશે. આ રીતે મોહનથાળ સહિતની મીઠાઈ ઉપરાંત દરર-ોજ બે શાક હશે.રામકથામાં દરરોજ ૪૦થી ૫૦ હજાર જેટલા લોકો ભોજન ગ્રહણ કરવાના છે, પરંતુ માહોલ જોતાં એવું લાગે છે કે પબ્લિક વધુ આવશે. દરરોજ અલગ-અલગ મીઠાઈ આપવા-માં આવશે, જેમાં લાડવા, મોહનથાળ, બુંદી, મગની દાળનો શીરો રાખવામાં આવશે. દરરોજ ૧૦૦૦ લિટર દાળ બનશે. આ ઉપરાંત દૈનિક ૨૨૦૦-૨૫૦૦ કિલો લોટની રોટલી, ૬૦૦૦ કિલો શાક હશે. અહીં દરેક વસ્તુ ચોખ્ખા ઘીમાં બનાવવામાં આવશે. પ્રસાદ તમામ લોકો માટે એકસરખો હશે.









### મોરારિબાપુની તમામ કથામાં સેવા માટે તત્પર ‘વામન’ પરંતું વિશાળ એવા બાબુભાઈ

ખાસ મહુવાની બાજુમાં આવેલ ઉગલવાણ ગામના બાબુભાઈ ગુજરાતમાં કોઈપણ જગ્યાએ મોરારીબાપુની રામકથા હોય તો તેઓ નિસ્વાર્થ ભાવે સેવા કરવા આવી પહોંચે છે ત્યારે વૈશ્વિક રામકથામાં પણ તેઓ છેલ્લા આઠ દિવસથી વિવિધ સેવા કરી રહ્યા છે આ તકે તેઓએ રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યું કે તેમની ઉંમર ૫૦ વર્ષની છે એટલું જ નહીં તેમના દ્વારા વિવિધ સેવાઓ કરવામાં આવે છે અને આજ દિન સુધી તેઓએ મોરારીબાપુની ૧૫ કથાઓમાં સેવાનો લાભ લીધેલો છે. વધુમાં તેઓ જણાવ્યું હતું કે પરિવારનો પણ સંપૂર્ણ સાથ અને સહકાર મળે છે એટલું જ નહીં તેમના પરિવારમાં તેઓ અપર્ણીત છે અને સાથે તેમના કુલ પાંચ ભાઈઓ અને બે બહેનો છે જે સર્વે તેઓને સેવા કરવા માટે પ્રેરિત કરે છે. ત્યારે આજે કથા નો છેલ્લો દિવસ હોવાથી તેઓએ જણાવ્યું હતું કે કાલે પરત જવાનું છે ત્યારે થાય છે કે મેળો મૂકીને ગામ જવું ગમતું નથી ચકલીના માળાની જેમ બધા જુદા થઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે તેઓએ અન્યને પણ અપીલ કરતાં જણાવ્યું હતું કે ખરા અર્થમાં આ પ્રકાર ના પ્રસંગોમાં લોકોએ નિસ્વાર્થ ભાવે સેવા કરવા આવવું જોઈએ એટલું નહીં હાલ તેઓ સવારે ૫:૦૦ વાગે ઊઠીને જે બાકી રહેતા કામો હોય તેવો પૂર્ણ કરે છે. અંતમાં તેઓ જણાવ્યું કે આ સેવા કરવાથી તેઓને આનંદ મળે છે કારણ કે ખૂબ મોટા પ્રમાણમાં જે માનવ મહેરામણ રામકથામાં જોવા મળે છે તેનાથી દરેક પ્રકારનો થાક પણ વયો જાય છે જે ઈશ્વર કૃપા છે સાથોસાથ તેઓ જણાવ્યું હતું કે તેમની દેખરેખ કરવા માટે હનુમાન દાદા ખડેપગે હોય છે.



### છેલ્લા બે મહિનાથી સમગ્ર ટીમ સેવાયજ્ઞ માટે કાર્યરત : ભરત શિંગાળા

રસોઈ વિભાગના ભરત શિંગાળાએ માહિતી આપતા જણાવ્યું હતું કે તેમની સમગ્ર ટીમ છે આ બે મહિનાથી કાર્યરત છે અને પ્રતિ દિવસ નું આયોજન યોગ્ય અને સુવિચાર રૂપથી કરવામાં આવે તે માટેની હાલ તમામ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. વધુમાં તેઓ જણાવ્યું હતું કે તેમના મિત્ર વર્તુળ રાત દિવસ જોયા વગર તેઓ કાર્ય કરી રહ્યા છે જે અત્યંત આવકાર્ય છે. વધુમાં તેઓ જણાવ્યું હતું કે માત્ર સેવા કાર્ય નહીં પરંતુ સેવાનો લાભ લેવામાં આવી રહ્યો છે. અંતમાં તેઓ જણાવ્યું હતું કે ૨૪ કલાકમાંથી ૧૫ કલાક તેઓ રસોઈના કામમાં લાગેલા હોય છે કારણ કે આગતા દિવસે શું કરવું કેવી વ્યવસ્થા કરવી તેનું સંચાલન કરવામાં આવતું હોય છે ત્યારે તેઓએ દરેક સાથી સહયોગીઓનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.



### સેવા લોકોના સાત ભવ તારે : લખમણભાઈનું ‘અનેરૂ’ યોગદાન

નાના ભડલાના ૭૦ વર્ષીય વૃદ્ધ લખમણભાઈએ જણાવ્યું હતું કે, મને જ્યારે ખબર પડે કે મોરારીબાપુની કથા નું આયોજન થયું છે તો તેઓ કોઈપણ સ્વાર્થ વગર જે તે કથા સ્થળ પર પહોંચી જાય છે અને તેમને મળે તે તમામ સેવા કાર્ય તેવો કરે છે. તેઓએ જણાવ્યું હતું કે તેઓ બકાલા સહિત જે જરૂરિયાત મીઠાઈ તે મુજબની તેઓ સેવા કરે છે. તેઓ જણાવ્યું હતું કે કરોડપતિ લોકો માત્ર રૂપિયા કમાવવામાં જ મજબૂર રહે છે ત્યારે માત્ર રૂપિયા નહીં પરંતુ સેવા કરો તો તે સાત ભવ તારી દેશે. વધુમાં તેઓ જણાવ્યું હતું કે તેઓ આ કાર્યમાં માત્ર બે થી ત્રણ કલાક જ આરામ કરે છે બાકી ની કલાકો માં તેઓ સતત કાર્યશીલ રહે છે.

### ઈશ્વરીયા મહાદેવ ગ્રુપના અનેકવિધ સ્વયંસેવકો ખડેપગે : રાત-દિવસ જોયા વગર કરે છે નિશ્વાર્થ સેવા

વૈશ્વિક રામકથામાં માધાપર મનહરપુર તથા ઘંટેશ્વરના સ્વયંસેવકો કે જે હોય તેમના ગ્રુપનું નામ ઈશ્વરીયા મહાદેવ ગ્રુપ રાખ્યું છે તેવો ખડે પગે સેવા કાર્યમાં લાગેલા છે જેમાં દિનેશભાઈ ઢોલરીયા, વશરામભાઈ વેકરીયા, મુકેશભાઈ ઝાલાવાડીયા, ધીરુભાઈ ઝાલાવાડીયા, ચનાભાઈ મોલીયા, બલભદ્રસિંહ જાડેજા, પ્રિયજિત સિંહ જાડેજા, નિલેશભાઈ ખૂટ, પરેશભાઈ પીપળીયા, પૃથ્વીસિંહ જાડેજા, વિનોદભાઈ મોલિયા વલ્લભભાઈ મોલિયા મગનભાઈ દિલુભાઈ મોલ્યા સુરેશભાઈ મોલ્યા અજયભાઈ મોલીયા ભરતભાઈ વેકરીયા સુરેશભાઈ ઢોલરીયા દિલીપભાઈ મોલીયા અશોકભાઈ ઝાલાવાડીયા કલ્પેશભાઈ મોલિયા મનસુખભાઈ ઢોલરીયા કુરજીભાઈ સાંગાણી રણછોડભાઈ સાંગાણી કાનજીભાઈ વેકરીયા રાજેશભાઈ મોલિયા આશિષભાઈ મોરિયા ધર્મેશભાઈ મોલિયા સંદીપભાઈ મોલ્યા રવિરાજસિંહ જાડેજા, મુકેશભાઈ વેકરીયા મયુરભાઈ વેકરીયા મગનભાઈ સોજીત્રા અશોકભાઈ સોજીત્રા ભાવેશભાઈ સોજીત્રા કાર્તિકભાઈ ઝાલાવાડીયા કાનાભાઈ ઝાલાવાડીયા ગૌરવ સાંગાણી નયનભાઈ સાંગાણી અવિનાશભાઈ ઢોલરીયા વિશાલભાઈ ઢોલરીયા છગનભાઈ ઢોલરીયા હસમુખભાઈ વેકરીયા રાહુલભાઈ ઝાલાવાડીયા મયુરભાઈ ઝાલાવાડીયા ધમાલ સાહેબ ચંદ્રેશભાઈ મોલ્યા મયુરભાઈ મોલ્યા સુરેશભાઈ ઝાલાવાડીયા, જયંતીભાઈ ઝાલાવાડીયા દિવ્યેશભાઈ કોઠીયા ભીખાભાઈ કોઠીયા કલ્પેશભાઈ કોઠીયા શૈલેષભાઈ મોલીયા ઉમેશભાઈ મેઘાણી સાહિલભાઈ મોલીયા નેવિલ સોજીત્રા મયુર મોલીયા કડવાભાઈ મોલીયા મહેશભાઈ મોલ્યા અશોકભાઈ મોલિયા નારણભાઈ મોલ્યા નારદભાઈ મોલિયા કાનાભાઈ ઝાલાવાડીયા લાલાભાઈ ઝાલાવાડીયા યોગેશભાઈ ખાતરાની સંદીપભાઈ ખાતરાણી મોહિતભાઈ ખાતરાણી, નીતિનભાઈ મોલીયા ભીખાભાઈ મોલિયા સુરેશભાઈ મોલિયા જગદીશભાઈ મોલિયા અશોકભાઈ મોલ્યા ચોથાભાઈ શિયાળ જયેશભાઈ શિયાળ, રાજેશભાઈ વોરા દેવેન્દ્રભાઈ સાવલિયા હિતેશભાઈ શંખાવરા નિલેશભાઈ શંખાવરા ધીરુભાઈ શંખાવરા પરેશભાઈ ઢોલરીયા ગીરીશભાઈ ઝાલાવાડીયા દિવ્યેશભાઈ ઝાલાવાડીયા મનીષભાઈ ઝાલાવાડીયા કાનાભાઈ વાડોદરિયા વિજયભાઈ પાનવાળા બુધાભાઈ વિજયભાઈ, શૈલેષભાઈ રાદડિયા પરસોત્તમભાઈ મેઘાણી મયુરભાઈ સોરઠીયા હરેશભાઈ પીપડીયા હરેશભાઈ મોલિયા કાર્તિકભાઈ સાંગાણી બાબુભાઈ મોલ્યા ગોરધનભાઈ મોરિયા સંજયભાઈ રાઠવા વિજયભાઈ વોરા કિરીટભાઈ ઝાલાવાડીયા પરસોતમભાઈ ઝાલાવાડીયા ભીખાભાઈ મોલ્યા નારણભાઈ ખૂટ કિશોરભાઈ ખોટ ધાર્મિક ભાઈ ખોટ કાનજીભાઈ પીપળીયા વીર પીપળીયા , પ્રીત પેઢડીયા ભોલો પેઢડીયા, ઉત્તમ પેઢીયા અશોકભાઈ પેઢડીયા, રવિભાઈ પેટડીયા રમેશભાઈ પેઢીયા સાગરભાઈ સખીયા શુભમભાઈ સખીયા અરજણભાઈ શક્યા સુખાભાઈ શક્યા નિલેશભાઈ ગઢીયા નિલેશભાઈ વસોયા વિમલભાઈ વસોયા રાજુભાઈ ગઢીયા કિશોરભાઈ ગઢીયા હિમાંશુભાઈ પીપળીયા પરસોત્તમભાઈ મોરિયા દેવાંશભાઈ ઝાલાવાડીયા જેનિલભાઈ ઝાલાવાડીયા, કૃષ્ણસિંહ પરમાર લાલભા જાડેજા અનિરુદ્ધસિંહ ડોડીયા હરદેવસિંહ જાડેજા છગનભાઈ સખીયા પ્રફુલભાઈ મુંધવા મેહુલભાઈ રોહિતભાઈ ખૂટ દિનેશભાઈ સાંગાણી અમિતભાઈ રાઠવા અશોકભાઈ પીપળીયા રઘુભાઈ પાનસુરીયા અતુલભાઈ અણદાણી જયેશભાઈ લુણાગરિયા સવાભાઈ કોળી લખીરાજસિંહ જાડેજા હરિભાઈ સખીયા નિખિલભાઈ મોલિયા જયદીપભાઈ પેઢડિયા, રોહિતભાઈ મોલિયા દર્શિતભાઈ મોરિયા પ્રવીણભાઈ મોલિયા અજયસિંહ વાવડી વિનયભાઈ ચોવટીયા હિતેન્દ્રસિંહ જાડેજા હરેશભાઈ શંખાવરા યોગરાજસિંહ વાવડી મહેશભાઈ વાવડી હર્ષદભાઈ ચૌહાણ વિમલભાઈ ઢોલરીયા પ્રવીણભાઈ ઝાલાવાડીયા હાર્દિકભાઈ જેઠવા વિજયસિંહ રાણા અંકિતભાઈ પ્રજાપતિ કુલદીપભાઈ આહીર ધમભા રાણા વિજયભાઈ પ્રજાપતિ જીવનભાઈ ડાભી, રવિભાઈ ભરવાડ ઋત્વિકભાઈ ડાભી વિજયભાઈ ચૌહાણ ગૌતમભાઈ ગોહિલ પપ્પુભાઈ ભરવાડ પ્રદીપભાઈ પીઠવા જય વિસાવડીયા સહિતના અનેક લોકો સેવા આપી રહ્યા છે.

### કણકોટ-મોટામવા વિસ્તારના પણ લોકો હાલ આપી રહ્યા છે નિશુલ્ક સેવા

મોટામવા કણકોટ ગ્રુપના શૈલેષભાઈ શિંગાળા ભરતભાઈ શિંગાળા પરેશભાઈ શિંગાળા વિજયભાઈ શિંગાળા રાજેશભાઈ શિંગાળા ધવલભાઇ શિંગાળા મયુરભાઈ શિંગાળા ચેતનભાઈ શિંગાળા પરેશભાઈ મેઘાણી બાબુભાઈ સોજીત્રા શામજીભાઈ મિસ્ત્રી હિરેનભાઈ ખૂંટ ગિરીશભાઈ ખુંટ મહેશભાઈ ખૂંટ બાબુભાઈ ખૂટ દેવુભાઈ ખૂટ મગનભાઈ ખુંટ નીતિનભાઈ ખુંટ મિલનભાઈ લીલા હાસુભાઈ વેકરીયા નરેશભાઈ વિરાણી નિતેશભાઈ ફતેપુરા લલિતભાઈ ખૂંટ, હાર્દિકભાઈ લીલા લાલજીભાઈ ખૂંટ ડેનિશભાઈ ખૂંટ પિયુષભાઈ ખૂન હિતેશભાઈ ખૂંટ જયદીપભાઇ શિંગાળા અને હરેશભાઈ સાકરીયાએ ભારે જેમત ઉઠાવી છે.

### રસોઈઘર માટે લોકોનો અવિરત દાન પ્રવાહ

પ્રતિ દિવસ ૪૦ થી ૫૦,૦૦૦ ભાવિક ભક્તો ભોજન પ્રસાદ લઈ રહ્યા છે ત્યારે આ રામકથામાં છે રસોડું છે જે ભંડાર છે તે ખાલી ન થાય અને કોઈ પણ ભાવિકોને ખૂટે નહીં તે માટે ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે અને તે માટે કહી શકાય કે જે દાનવીરો છે જે દાતાઓ છે તે આગળ આવી રહ્યા છે પછી વિવિધ ચીજ વસ્તુઓ માટેના હાલ લોકો પોતાનું અનુદાન આપતા જોવા મળે છે. ઘણા ખરા કિસ્સામાં તો કયા વ્યક્તિ દ્વારા શું મોકલવામાં આવ્યું તેનો પણ કોઈ ખ્યાલ રહેતો નથી ત્યારે કહી શકાય કે આ દિવ્ય વાતાવરણ અને ખરાબ અર્થમાં લોકોની સેવા હેતુ ખૂબ મોટું દાન રસોઈમાં પણ આવ્યું છે અને તે ખરા અર્થમાં ચરિતાર્થ પણ થાય છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ભર શિયાળે ઉનાળુ સ્વાદ

## પ્રકૃતિની વિચિત્ર દિશાઃ કેસર કેરી માર્કેટમાંઃ આરોગ્ય વિજ્ઞાન કહે છે કે...



ડાલામ્થ્થા સાવજોની ત્રાડ અને કેસર કેરીનો સ્વાદ આ બે સૌરાષ્ટ્રની મુખ્ય ઓળખ છે. કેરીનો સ્વાદ વિશ્વભરમાં લોકપ્રિય છે. ઉનાળાનો પ્રારંભ થાય એટલે કેસર કેરીની સુગંધ અને સ્વાદ લોકમાનસ પર છવાઈ જાય. આ સ્વાદ પ્રકૃતિના વરદાન સમાન છે.

બે દિવસથી સૌરાષ્ટ્રના મીડિયામાં કેસર કેરીના સમાચારો ચમકી રહ્યા છે. ભર શિયાળે અમુક વિસ્તારોમાં કેસર કેરીનો ફાલ આવ્યો છે. હરરાજીમાં આ કેરીનો ભાવ ૧૦ કિલોના રૂ.૮૫૦૦ બોલાયા છે. કેસર કેરી શબ્દ સાંભળતા જ મોમાં પાણી આવી જાય, પણ તેનો ભાવ સાંભળીને મો ફરી સુકાય જાય.

ઘણા સુખી પરિવારો સુકા મેવા કરતા પણ મોંઘી કેસર કેરી ખરીદવા થનગને છે. મોટાભાગના પરિવારો આ અંગે ઈર્ષા કરતા હશે. મોઘા ભાવની કેરી ખરીદી ન શકાય એ વાસ્તવિક બાબત છે.

જોકે કમોસમી ફળ અંગે થોડું ઊંડાણથી વિચારો તો ખ્યાલ આવશે કે, મોંઘા ભાવની કેરી ખરીદવાની તો જરૂર જ નથી, કોઈ શિયાળામાં વિનામૂલ્યે રસપૂરીનું ભોજન કરાવે તો પણ તેનાથી દુર રહેવું જોઈએ.

વિવિધ ફળ જુદી-જુદી ઋતુમાં આવે છે. પ્રકૃતિનું આ વિશિષ્ટ આયોજન છે. આરોગ્ય શાસ્ત્ર પ્રમાણે કેસર કેરીનું સેવન ઉનાળામાં જ શ્રેષ્ઠ ગણાય. ઉનાળામાં રસાળ ફળો કેરી, દ્રાક્ષ,તરબૂચ વગેરે આવે છે. શરીરમાં પાણીની અછત ન થવા દે અને ભેજ જાળવી, પોષણ કરે, તેવા ગુણ આ ફળોમાં હોય છે. કેરી શિયાળામાં ઝાપટો તો આરોગ્યને વિપરીત અસર કરી શકે છે. શિયાળામાં આમળા જેવા સુકા ફળો અને લીલા શાકભાજી આરોગ્ય માટે શ્રેષ્ઠ ગણાય.

વિપરીત આહારના કારણે વિવિધ પ્રકારના રોગો વધી ગયા છે, પણ આ અંગે આપણે અજાણ છીએ. દરેક ઋતુમાં કેરીનો સ્વાદ પ્રાપ્ત થાય તે માટે ઉનાળામાં કેરીનો પલ્પ બનાવીને તેને ફ્રીજ કરી દેવાય છે. સ્વાદ રસિયાઓ મનફાવે ત્યારે સ્વાદ માણે છે. જે વિવિધ પ્રકારના રોગોનું કારણ બને છે.

હાઈબ્રીડ- સંશોધિત વિચારોના કારણે ગમે તે ફળ ગમે તે શાક-ભાજી લગભગ દરેક ઋતુમાં મળવા લાગ્યા છે. કમોસમી ફળ મોંઘા હોય, પરંતુ આરોગ્ય માટે એ અતિ મોંઘા સાબિત થાય છે.

શિયાળે શરીરને ગરમીની જરૂર હોય છે. આ કારણે બાજરાનો રોટલો અને ઓળો મુખ્ય ખોરાક બન્યો છે. બાજરો અને રીંગણા બંનેની પ્રકૃતિ ગરમ છે. એ શરીરને ગરમી આપે છે સાથે પોષણ પણ કરે છે. કેરીનો એક ગુણ લૂથી રક્ષણ કરવાનો છે. એટલે કે ગરમીને શરીરથી દુર રાખી શકે છે. શિયાળાની ઠંડીમાં કેરીનો સ્વાદ શરીરને વધારે ઠંડુ કરવાનું કામ કરે છે.

શિયાળુ કેસર કેરી પ્રકૃતિનું વિચિત્ર સ્વરૂપ ગણાય. હાઈબ્રિડ કે રસાયણિક પ્રોયોગોથી આ કેરીનો ઉછેર થયો હોય કે તેને પકાવવામાં આવી હોય તો એ સ્વાદિષ્ઠ ઝેર ગણી શકાય.

!! લાખ રૂપિયાની વાત !!

!! આજના સમયની કડવી વાસ્તવિકતા !!
નાનપણમાં ભાઈ બહેન
દિવસમાં પાંચ વખત
એક બીજાથી રીસાય જતાં
અને રાજી પણ તરત
થઈ જતાં અને હવે
મોટા થઈને
રીસાયા બાદ છેલ્લે
સ્મશાન યાત્રામાં જ
ભેગા થાય છે.!!

પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

## હત્યા બાદ કંઇ ન બન્યું હોય તેમ ફ્લાઇટ પકડી ભાગી ગયો પણ સીસીટીવી ફૂટેજે ભાંડો ફોડ્યો અને પકડાયો

# દત્તક પુત્ર દાનવ બન્યો

# નેવુ હજાર માટે પિતાને પતાવી દીધા

### વૃધ્ધે પોતાને સંતાન ન હોઈ સાળાના દિકરાને દત્તક લીધો હતોઃ તેણે દસ વર્ષ પહેલા પચ્ચીસ હજારની ચોરી કરતાં કાઢી મુકેલોઃ ફરી આવ્યો અને ફરી ચોરીનો પ્રયાસ કરતાં વૃધ્ધે અટકાવતાં પટ્ટીથી ફાંસો દઇ ઢાળી દીધા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૩૦**

જર જમીન ને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ એ કહેવત અમસ્તી જ નહિ પડી હોય. રૂપિયા માટે સંતાનો કઇ હદ સુધી જઇ શકે છે તેની પ્રતિતી કરાવતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક દત્તક પુત્ર દાનવ બની ગયો હતો અને રૂપિયા માટે પોતાના પિતાનુ ગળુ દાબી તેમને મોતને ઘાટ ઉતારી દીધા હતાં. ક્રુર હત્યાને અંજામ આપી હત્યારો દિકરો ફ્લાઇટ મારફત બીજા રાજ્યમાં ભાગી ગયો હતો. પણ પોલીસે તેને સીસીટીવીને આધારે પગેરૂ શોધી દબોચી લીધો હતો.

રાજ્યમાં રોજબરોજ હત્યાની ઘટનાઓ બનતી રહે છે જેમાં કોઇને કોઇ કારણોસર લોકો એક બીજાની લોથ ઢાળી દેતાં હોય છે. એક ચોંકાવનારી ઘટના I ઉધના વિસ્તારમાં બની છે. અહિ પટેલ નગરમાં બનેલી ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. પોતાના સંતાન ન હોવાથી દત્તક લીધેલા પુત્રએ જ પિતાની જેમ કાળજી રાખનાર વૃદ્ધનું ગળું દબાવી હત્યા કરી અને ઘરમાંથી નેવુ હજાર રૂપિયા ચોરી કરી લીધા હતાં અને નાસી ગયો હતો. આરોપીએ ચોરીના પૈસાથી ફલાઇટ મારફતે કોલકાતા જવાનું આયોજન કર્યું, હતું અને ફ્લાઇટથી કોલકત્તા પહોંચી પણ ગયા હતો. જો કે તેને પોલીસે પીછો કરી પગેરૂ દાબી દબોચી લીધો હતો.

હત્યાની આ ઘટનાની વધુ વિગતો પર નજર કરીએ તો હત્યાનો ભોગ બનેલા પરમેશ્વરદાસે વર્ષો પહેલા પોતાના સાળાના પુત્ર સાગરદાસને દત્તક લીધો હતો. સાગરદાસ પોતાના દત્તક પિતા સાથે રહેતો અને પોતાના બાળકની જેમ જ તેમનું પાલન થયું હતું. જો કે, આ સંબંધમાં તિરાડ ત્યારે પડી



જ્યારે દસ વર્ષ પહેલા સાગરદાસે પરમેશ્વરદાસના ઘરમાંથી રૂપિયા પચ્ચીસ હજારની ચોરી કરી. આ ઘટનાને કારણે પરમેશ્વરદાસે સાગરદાસને પરત મોકલી દીધો હતો. ત્રણ દિવસ અગાઉ સાગરદાસ સુરત પરત આવ્યો અને પોતાના દત્તક પિતાના ઘરે પહોંચ્યો. બંનેએ સાથે જમવાનું લીધું અને બપોર સુધી સાથમાં રહ્યા, પરંતુ સાગરદાસના મનમાં કઈક કૂટનીતિ ચાલતી હતી.

ત્યારબાદ બપોર પછી સાગરદાસે પરમેશ્વરદાસના ઘરમાં રાખેલા બોક્સમાંથી નેવુ જાર રૂપિયા ચોરી કરવાનો પ્રયાસ કર્યો. પરમેશ્વરદાસને જ્યારે આ બાબત જાણ થઈ ત્યારે બંને વચ્ચે ઉગ્ર વિવાદ શરૂ થયો. વિવાદની વચ્ચે સાગરદાસે ઘરમાં રાખેલા દુપટ્ટા વડે પોતાના દત્તક પિતાનું ગળું દબાવી મોતને ઘાટ ઉતાર્યા. હત્યા કર્યા બાદ સાગરદાસ ચોરાયેલા નેવુ હજાર રૂપિયાની રકમ સાથે તરતજ ફ્લાઇટ દ્વારા કોલકાતા નાસી ગયો. તે પોતાનો ગુનો છુપાવવા માટે કાવતરૂ રચતો હતો ત્યાં જ પોલીસ પહોંચી ગઇ હતી.

પરમેશ્વરદાસના શંકાસ્પદ મોત બાદ પોલીસને શંકા જણાઈ. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળું દબાવીને હત્યા કરાઇ હોવાનું સાબિત થયું હતું. પોલીસ ટીમે તુરંત સીસીટીવી ફૂટેજ ચેક કરવાનું શરૂ કર્યું. સીસીટીવીમાં સાગરદાસ ઘટના સ્થળે દેખાયો અને ત્યારથી જ તેને મુખ્ય આરોપી તરીકે ઓળખવામાં આવ્યો. ડીસીપી ભગીરથ ગઢવીના માર્ગદર્શન હેઠળની ટીમે તપાસમાં તપાસથી સાગરદાસના કોલકાતામાં હોવાનો પતો લાગ્યો. તેઓએ બાતમીના આધારે કોલકાતામાં તપાસ કરી અને સાગરદાસની ધરપકડ કરી. ડીસીપી ગઢવીએ જણાવ્યું કે સાગરદાસ ને પરમેશ્વરદાસે દત્તક લીધો હતો. પણ સાગરદાસના ખોટા વ્યવહાર અને લાલચને કારણે આ ઘટના ઘટી. ચોરી કરી તે ફલાઇટથી કોલકતા ગયો.

પોલીસની ટીમોએ સીસીટીવી ચેક કરતા તેમાં આરોપી દેખાયો હતો. અમે જ્યારે મૃતકની પત્નિને તેની તસવીર બતાવી ત્યારે તે ઓળખી ગઈ. જેની અમે કોલકાતાથી ધરપકડ કરી હતી. લાલચમાં આવી તેણે રૂપિયાની ચોરી કરી અને ત્યારબાદ હત્યા કરી ફ્લાઇટથી ફરાર થઈ ગયો. આમ ચોંકાવનારી ઘટનામાં એક દિકરાએ જ રૂપિયા માટે પિતાનો ભોગ લઇ લીધો હતો.

## તમારા નામનુ મુંબઇથી ચાઇના જતાં કુરીયરમાં ડ્રગ્સ છે, હું સીબીઆઇમાંથી બોલુ છું...કહી ડરાવ્યા, મુંબઇ ક્રાઇમ બ્રાંચના નામે પણ વિડીયો કોલ કર્યા

# વૃધ્ધ દંપતિને સુપ્રિમ કોર્ટના નામે ધમકાવી એકસઠ લાખ પડાવ્યા

### દંપતિએ પહેલા તો કહી દીધુ કે તમે પોલીસને જાણ કરી દોઃ પણ પછી ગઠાયાઓએ કહ્યું-તમારા દિકરી દિકરી વિદેશ છે તેને પણ સુપ્રિમ કોર્ટ ઇન્વેસ્ટીગેશન માટે બોલાવશે, વિદેશ જવા નહિ દેઃ આથી ગભરાઇને દંપતિએ દાગીના વેંચી આરટીજીએસથી નાણા મોકલ્યા

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૩૦

ઓનલાઇન ફ્રોડની ઘટનાઓ રોજબરોજની થઇ પડી છે. કોઇને કોઇ વ્યક્તિ રોજ સાયબર ગઠીયાઓની જાળમાં ફસાઇને લાખો કરોડો ગુમાવી દે છે. ડિજીટલ એરેસ્ટની ધમકી આપી રૂપિયા પડાવવાની વધુ એક ઘટના સામે આવી છે જેમાં આ વખતે ગઠીયાઓએ વૃધ્ધ દંપતિને શિકાર બનાવી એકસઠ લાખ રૂપિયા પડાવી લીધા છે. તેમજ વધુ ચાલીસ લાખની માંગણી પણ ચાલુ રાખી હતી. ગઠીયાઓએ આ દંપતીને વોટ્સએપ કોલ કરી કહ્યું કે, મુંબઈથી સીબીઆઇઓફિસર બોલું છું, તમારા દીકરા-દીકરીને ડ્રગ્સ કેસમાં સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ એરેસ્ટ કરવા પડશે. વૃદ્ધ દંપતી પાસે રૂપિયા ન હોવાથી દાગીના ગીરવે મુકી તેમજ બીજા દાગીના વેંચીને આટીજીએસથી આ રકમ ચુકવી હતી. છેલ્લે છેતરાયાની ખબર પડતાં ફરિયાદ નોંધાવી હતી.

રાજ્યભરમાં આ રીતે ઠગાઇના કિસ્સા ખુબ વધી ગયા છે. આ બનાવ નડિયાદના મહુધા તાલુકાના મહિસા ગામે બન્યો છે. અહિ મુખીની ખડકીમાં ત્રેસઠ વર્ષીય વીણાબેન મધુસૂદનભાઈ પટેલ રહે છે. તેમને સંતાનમાં એક દીકરો અને દીકરી છે, દીકરો અમેરિકામાં તેના પરિવાર સાથે રહે છે જ્યારે દીકરી સાસરે રહે છે. ગત નવમી તારીખે સવારના સમયે આ વીણાબેનના પતિ મધુસૂદનભાઈના મોબાઈલ નંબર પર વોટ્સએપ કોલ આવ્યો હતો. જે કોલ મધુસૂદનભાઈએ ઉપાડતાં સામેથી બોલનારે પોતાનુ નામ વિનોદ શર્મા ડી.એચ.એલ. કુરિયર સર્વિસ બોમ્બેની ઓળખ આપી હતી અને કહ્યું હતું કે, તમારા નામે કુરિયર છે જે કુરિયર મુંબઇ ટુ બૈજીગ ચાઇનાનું છે. કુરિયર જેટ એર બેજના માલિક નરેન્દ્ર ગોએલે તમારા આધારકાર્ડ તથા તમારો મોબાઇલ નંબરનો ઉપયોગ કર્યો છે.

ફોન કરનારે આગળ કહેલું કે આ કુરિયરમાં પાસપોર્ટ તથા બેંક ડોક્યુમેટ છે તથા ૪૦૦ ગ્રામ એમ.ડી.એમ.એ ડ્રગ્સ છે. તમે તમારા



ડોક્યુમેન્ટથી આવું કોઇ કુરિયર કરેલું છે તેવી વાત હિન્દીમાં કરી હતી. મધુસૂદનભાઈને આવો કોલ આવતાં તેમણે સામે જણાવ્યું કે, અમોએ આવું કોઈ કુરિયર કરેલું નથી. જેથી સામેવાળી વ્યક્તિએ કહેલું કે, અમે પોલીસને જાણ કરીએ છીએ એમ જણાવતાં મધુસૂદનભાઈએ કહેલું કે તમે પોલીસને જાણ કરી દો. આ પછી તેરમી નવેમ્બરના રોજ મધુસુદનભાઈને અજાણ્યા બે નંબર પરથી વોટ્સએપ કોલ આવેલો જેમાં સામેવાળી વ્યક્તિએ પોતાની ઓળખાણ પ્રકાશ અગ્રવાલ તથા રાજેશ પ્રધાન સી.બી. આઇ. ઓફિસર મુંબઇની આપી હતી અને કહ્યું હતું કે, તમને એરેસ્ટ કરીને લઈ જઈશુ. આ બાદ શખ્સોએ વીડિયો કોલ કરી ક્રાઇમ બ્રાંચ તથા પોલીસનો સિમ્બોલ ગ્રેટર મુંબઇ પોલીસં બતાવ્યું અને કહ્યું કે તમારો ડ્રગ્સનો કેસ સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલો છે. આ બાદ અવાર નવાર વોટ્સએપ કોલ કરી સુપ્રીમ કોર્ટનો હુકમ છે તમારે વેરિફિકેશન માટે રૂપિયા ચાલીસ લાખ ભરવાના છે.

આ રકમ તમે ભરશો પછી વેરિફિકેશન થઇ તમને પાછા મળશે તેમ જણાવી જો પૈસા નહિ ભરો તો તમને એરેસ્ટ કરી બોમ્બે લઈ જઈ કસ્ટડીમાં નાખી દેવામાં આવશે તેમ કહેતા હતા. જોકે આમ છતાં આ મધુસૂદનભાઈ અને તેમના પત્નિ વીણાબેન ડર્યા નહોતાં. ગઠિયાઓને લાગ્યું કે આ વ્યક્તિ આપણા હાથમાં નથી આવતી આથી છેલ્લે ગઠિયાઓએ કહ્યું કે તમારા દિકરા તથા તમારી દીકરી વિદેશ છે જેને સુપ્રીમ કોર્ટ ઈન્વેસ્ટિગેશનમાં લઇ લેશે અને તે બન્નેને વિદેશ પાછા જવા દેશે નહીં. તેવી બીક આપતાં મધુસૂદનભાઈ અને તેમનાં પત્ની ડરી ગયાં હતાં. તે બાદ નાણાં ભરવા દબાણ કરતા હતા અને નહીં ભરો તો ધમકીઓ આપતા હતા. જેથી મધુસૂદનભાઈએ સૌપ્રથમ ૧૧ લાખ અને ત્યાર બાદ ટુકડે ટુકડે કુલ રૂપિયા ૬૧ લાખ આરટીજીએસ કર્યા હતા.

તેમજ મધુસુદનભાઈ પાસે આટલી મોટી રકમ ન હોવાથી પોતાની પત્નિના દાગીના થોડા બેંકમાં ગીરે મૂક્યા તો થોડા વેચીને આ લોકોને નાણાં આપ્યાં હતાં. આમ છતાં બીજા ૪૦ લાખ રૂપિયા માગતા અંતે આ બાબતે મધુસૂદનભાઈએ પોતાની દીકરીને વાત કરતા સાયબર ક્રાઇમ થયો હોવાની જાણ થતાં સમગ્ર મામલે વીણાબેન પટેલે મહુધા પોલીસ મથકે રાજેશ -ધાન, -કાશ અગ્રવાલ અને અલગ અલગ મોબાઈલધારકો તેમજ અલગ અલગ બેંકના એકાઉન્ટધારકો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ મામલે તપાસ અધિકારી મહુધા પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે.ગોહીલે જણાવ્યું હતું કે શખ્સોએ દંપતનીને એક વખત વીડિયો કોલ કર્યો હતો એટલે ડિજિટલ એરેસ્ટનો બનાવ કહી શકાય. હાલ સાયબર ક્રાઇમ ગુનો હોવાથી પોલીસ આઈપી એડ્રેસને ટ્રેક કરવાના પ્રયાસમાં લાગી છે અને વિશેષ તપાસ આગળ વધારવામાં આવી છે.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## વાંચન વિશેષ

## આઈપીએલ માટેની ઓક્શનમાં ધૂમ રૂપિયાનો વરસાદ વરસ્યો! પણ શું આ યોગ્ય છે?



તા ૧૪/૩ થી શરૂ થઈને ૩૧/૫ એ પૂરી થતી ૨૦૨૫ ની આઈપીએલ મેચ માટેની ટીમનું ઓક્શન એટલે કે લિલામી બે દિવસને અંતે પૂરી થઈ. આ વખતે મેગા ઓક્શન હતું અને એ પણ સાઉદી અરેબિયાના જેદ્દાહ માં. મેગા ઓક્શનમાં ખેલાડીઓની અદલાબદલી કરવામાં આવે છે, અને અમુક ખેલાડીઓ જે ટીમમાંથી રમતા હોય એને અન્ય ટીમમાંથી રમવાનું થશે! જેથી ખેલ રોમાંચક બને. ૧૦ ટીમ એ રૂપિયાનો વરસાદ વરસાવ્યો હોય એ રીતે ખેલાડીઓ પર રૂપિયા લગાવ્યા! આ ઓક્શનમાં રિષભ પંત સૌથી વધુ એટલે કે ૨૭ કરોડમાં ખરીદાયો.જ્યારે બિહાર નો વૈભવ સૂર્યવંશી માત્ર ૧૩ વર્ષનો સૌથી નાનો ખેલાડી છે, જેને રાજસ્થાન રોયલ્સ એ ૧.૧૦ કરોડમાં ખરીદ્યો. કોઈ ટીમ એ ૨૫ ખેલાડી સાથે પોતાની ટીમ પૂર્ણ કરી તો કોઈએ ૨૨ કે ૨૪ થી પૂર્ણ કરી, આમ ૧૮૨ ખેલાડીની આ ઓક્શનમાં લિલામી થઈ. લગભગ બધા ખેલાડીની કિંમત સારા એવા રૂપિયાની બોલી થતી હતી! આમ તો આપણે પ્રોપર્ટી માટે ક્યારેક કોઈ પિક્ચરના સીન તરીકે આવી લિલામી જોઈ હોય! જેમાં ઊંચી બોલી લગાવીને પાછા ખસી જવું! જેથી છેલ્લે બોલી લગાવનારને તગડા રૂપિયા ચૂકવવા પડે! બિલકુલ એ જ નજારો અહીં પણ જોવા મળ્યો. કુલ ૧૦ ટીમ એ ૬૩૯.૧૫ કરોડ રૂપિયાનો વરસાદ વરસાવ્યો! જેમાં ૧૮૨ માંથી ૬૦ ખેલાડી વિદેશી છે. ખેર આઈપીએલ તો રમતને નામે રમાતો એક સટ્ટો જ છે, જેમાં રમત પહેલાં ખેલાડી કેવું રમશે એ ધારી લેવામાં આવે છે! અને મોટેભાગે ખેલાડીઓ અન્ય મેચ કરતાં આઈપીએલમાં રમે પણ છે, એટલે આવતી વખતે ઊંચી બોલી લાગે! આમપણ દિવસેને દિવસે ક્રિકેટરો કોઈને કોઈ કાંડમાં સંડોવાયેલા હોવાથી એની ચર્ચા જોતાં એવું લાગે કે ક્રિકેટ એ હવે માત્ર ખેલ નથી રહ્યો! દસ ટીમના ખેલાડીઓ જોઈએ તો!

ગુજરાત ટાઈટન્સની ટીમમાં શુભમન ગિલ, રાશિદ ખાન, સાઈ સુદર્શન, રાહુલ તેવટિયા, શાહરૂખ ખાન, જોસ બટલર, મોહમ્મદ સિરાજ, કાગીસો રબાડા, પ્રસિદ્ધ ક્રિષ્ના, વોશિંગ્ટન સુંદર, શેરફેન રધરફોર્ડ, ગેરાલ્ડ કોએત્ઝી, આર સાઈ કિશોર, મહિપાલ લોમરોર, ગુરનૂર સિંહ બ્રાર, અરહાદ ખાન , ઈશાંત શર્મા, કુમાર કુશાગ્ર, માનવ સુથાર, અનુજ રાવત, માનવ સિંધુ, જયંત યાદવ, ગ્લેન ફિલિપ્સ, કરીમ જનાત, કુલવંત ખેજુરાલિયા, આમ ૨૫ ખેલાડી છે.

ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ જોઈએ તો,એમએસ ધોની, રવીન્દ્ર જાડેજા, શિવમ દુબે, મથિશ પથિરાના, રુતુરાજ ગાયકવાડ, નૂર અહેમદ, રવિચંદ્રન અશ્વિન, ડેવોન કોનવે, સૈયદ ખલીલ અહેમદ, રચિન રવિન્દ્ર, અંશુલ ખમ્બોજ, રાહુલ ત્રિપાઠી, સેમ કરન, ગુર્જપાનીત સિંહ, નાથન ઈલિસ, દીપક હુડા, ઓવરટોન, વિજય શંકર, વંશ બેદી, આન્દ્રે સિદ્ધાર્થ, શ્રેયસ ગોપાલ, રામકૃષ્ણ ઘોષ, કમલેશ નાગરકોટી, મુકેશ ચૌધરી, શેખ રશીદ. ચેન્નાઈ સુપર કિંગ્સ એ પણ ૨૫ ખેલાડી છે.

રાજસ્થાનની ટીમ જોઈએ તો સંજુ સેમસન, યશસ્વી જયસ્વાલ, રિયન પરાગ, ધ્રુવ જુરેલ, શિમરોન હેટમાયર, સંદીપ શર્મા, જોફ્રા આર્ચર, મહેશ, વાનિન્દુ હસરાંગા, આકાશ મધવાલ, કુમાર કાર્તિકેય, નીતીશ રાણા, તુષાર દેશપાંડે, શુભમ દુબે, યુધ્ધવીર સુર્યા, સુર્યવાન, સુર્યસિંહ, કુમાર કાર્તિકેય, ક્વેના મફાકા. રાજસ્થાન એ ૧૯ ખેલાડી છે.

પંજાબ કિંગસની ટીમમાં શશાંક સિંઘ, પ્રભસિમરન સિંહ, અર્શદીપ સિંહ, શ્રેયસ અય્યર, યુઝવેન્દ્ર ચહલ, માર્કસ સ્ટોઈનિસ, ગ્લેન મેક્સવેલ, નેહલ વાઢેરા, હરપ્રીત બ્રાર, વિષ્ણુ વિનોદ, વિજયકુમાર વિશાક, યશ ઠાકુર, માર્કો યાનસન, જોશ ઈંગ્લિસ, લોકી ફર્ગ્યુસન, અજમતુલ્લાહ ,કુલદીપ સેન, પ્રિયાંશ આર્ય, એરોન હાર્ડી, મુશીર ખાન, સૂર્યાંશ શેડગે, ઝેવિયર બાર્ટલેટ, પાઈલા અવિનાશ, પ્રવીણ દુબે. પંજાબ કિંગ્સ એ ૨૪ ખેલાડી છે.

કોલકત્તા નાઈટ રાઇડર્સ માં જોઈએ તો, રિંકુ સિંહ, વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ, આન્દ્રે રસેલ, હર્ષિત રાણા, રમણદીપ સિંહ, વેંકટેશ ઐયર, ક્વિન્ટન ડી કોક, રહેમાનુલ્લા ગુરબાઝ, એનરિક નોરખિયા, અંગક્રિશ રઘુવંશી, વૈભવ અરોરા, મયંક માર્કંડે, રોવમેન પોવેલ, મનીષ પાંડે, સ્પેન્સન જોનસન, લવનીથ સિસોદિયા, અજિંક્ય રહાણે, અનુકુલ રોય, મોઈન અલી, ઉમરાન મલિક. આમ ૨૨ ખેલાડી છે.

દિલ્હી ડેરડેવિલ્સમાં અક્ષર પટેલ, કુલદીપ યાદવ, ટ્રિસ્ટન સ્ટબ્સ, અભિષેક પોરેલ, કેએલ રાહુલ, ફાફ ડુ પ્લેસિસ, જેક ફ્રેઝર-મેકગર્ક, મિશેલ સ્ટાર્ક, હેરી બ્રુક, ટી નટરાજન, મુકેશ કુમાર, મોહિત શર્મા, સમીર રિઝવી, આશુતોષ શર્મા, કરુણ નાયર, દર્શન નલકાંડે, વિપરાજ નિગમ, દુશમંથા ચમીરા , ડોનોવન ફરેરા, અજય મંડલ, મનવંત કુમાર, ત્રિપુરાણા વિજય, માધવ તિવારી,એમ ૨૪ ખેલાડી છે.

રોયલ ચેલેન્જર બેંગ્લોરની ટીમમાં વિરાટ કોહલી,જોશ હેઝલવુડ, ફિલ સોલ્ટ, રજત પાટીદાર, જીતેશ શર્મા, ભુવનેશ્વર કુમાર, લિયામ લિવિંગસ્ટોન, રસિક સલામ, કૃણાલ પંડ્યા, યશ દયાલ, ટિમ ડેવિડ, સુયશ, શર્મા,જેકબ બેથેલ, દેવદત્ત પડિકલ, નુવન તુષારા, રોમારિયો શેફર્ડ, લુંગી એનગિડી, સ્વપ્નિલ સિંહ, અભિનંદન સિંહ, સ્વસ્તિક ચિકારા, મોહિત રાઠી, મનોજ ભાંડગે, એમ ૨૨ ખેલાડી છે.

સનરાઈઝ હૈદરાબાદમાં પેટ કમિન્સ, અભિષેક શર્મા, નીતીશ રેડ્ડી, હેનરિક ક્લાસેન, ટ્રેવિસ હેડ, મોહમ્મદ શમી, હર્ષલ પટેલ, ઈશાન કિશન, રાહુલ ચહર, એડમ ઝમ્પા, અથર્વ તાઈડે, અભિનવ મનોહર, સિમરજીત સિંહ, ઝીશાન અંસારી, જયદેવ ઉનડકટ, બ્રેડન કાર્સ, કામિન્દુ મેન્ડીસ , અનિકેત વર્મા, ઈશાન મલિંગા, સચિન બેબી કાવ્યામારનની, ૨૨ ખેલાડી છે.

મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં હાર્દિક પંડ્યા, રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, જસપ્રિત બુમરાહ, તિલક વર્મા, ટ્રેન્ટ બોલ્ટ, નમન ધીર, રોબિન મિન્ઝ, કર્ણ શર્મા, દીપક ચહર, રિસ ટોપ્લે, રિયાન રિકલ્ટન, વિલ જેક્સ, અલ્લાહ ગઝનફર, મિશેલ સેન્ટનર, કર્ણ શર્મા, સત્યનારાયણ રાજકુમાર , રાજ બાવા, અશ્વિની કુમાર, કૃષ્ણન સૃજીત, બેવોન જેકબ્સ, અર્જુન તેંડુલકર, લિઝાદ વિલિયમ્સ, આમ ૨૪ ખેલાડી છે.

લખનૌમાં જોઈએ તો રિષભ પંત, નિકોલસ પૂરન, રવિ બિશ્નોઈ, મયંક યાદવ, મોહસીન ખાન, આયુષ બદોની,ડેવિડ મિલર, એડન માર્કરામ, મિશેલ માર્શ, અવેશ ખાન, અબ્દુલ સમદ, આર્યન જુયાલ, આકાશ દીપ, હિંમત સિંહ, એમ સિદ્ધાર્થ, દિગ્વેશ સિંહ, શાહબાઝ અહેમદ, આકાશ સિંહ, શમર જોસેફ, પ્રિન્સ યાદવ, યુવરાજ ચૌધરી, રાજવર્ધન હંગરગેકર, અર્શીન કુલકર્ણી, મેથ્યુ બ્રેટ્ઝકે, ૨૪ ખેલાડી છે.

અમુક એંગલોથી જોઈએ તો દેશની યુવાનીને આ બધું ગેરમાર્ગે કે દોરી રહ્યું છે, કારણકે ક્રિકેટ એ આજકાલના યુવાનોનો સૌથી પ્રિય ખેલ છે. ઉપરથી ક્રિકેટરો કેટલીય બ્રાન્ડની જાહેરાત કરીને રુપિયા કમાય છે, અને યુવાનોનાં રોલ મોડેલ બને છે. એમાં આઈપીએલ લગભગ પરીક્ષાના સમયે જ રમાય છે! લોકોની આજકાલની લાઈફ સ્ટાઈલ પણ અત્યંત ખર્ચાળ થઈ ગઈ હોવાથી, દરેકને ગમે તેમ કરીને રૂપિયા કમાવા છે, એ પણ હકીકત છે! એમાં ખેલાડીઓને જો આટલા રૂપિયા મળતા હોય તો ભણવાનું એક બાજુ મૂકીને કેટલા યુવાનોએ ક્રિકેટને પોતાની કેરિયર બનાવી હશે! દરેક યુવાન તો ક્રિકેટર બની શકે નહીં! એટલે કેટલાયનું જીવન બરબાદ થયું હશે!' દરેક સિસ્ટમમાં જે રીતે ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે, એ જોતા ખેલાડીની પસંદગીમાં પણ જો એવું થાય તો, કેટલાય યુવાનો નાસીપાસ થયા હશે, આત્મહત્યા કરી હશે, કે વ્યસનનો સહારો લીધો હશે! પણ આવું બધું કોણ વિચારશે? દેશની યુવાનીને ગુમરાહ થતી બચાવવી હોય તો કંઈક તો કરવું જ પડશે!: જેમ કે શું આ યોગ્ય છે? આટલાં રુપિયા આવ્યાં ક્યાંથી! અને સાચાં આર્થિક વિકાસમાં કેમ ન વાપર્યા? આ બધું વિચારવા યોગ્ય ખરું! જય હિન્દ.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

### ખુબ ઉપયોગી એવો મોબાઈલ અનેક વખત બને છે બબાલનું કારણઃ ક્રુર ઘટના બની

# ફોનમાં વ્યસ્ત દિકરીને બાપે કૂકરના ઘા ફટકારી ઢાળી દીધી!

### દસેક ઘા એવા માર્યા કે કૂકરમાં ઘોબા પડી ગયાઃ દિકરી ઘરકામને બદલે મોબાઈલમાં મંડી પડતાં ગુસ્સો ચડ્યાનું હત્યારા બાપનું રટણ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૦૧

મોબાઇલ ફોનની સુવિધા લોકોને એનક રીતે ઉપયોગી છે. ઘડીના છઠ્ઠા ભાગમાં માણસ મોબાઇલ થકી દુનિયાના કોઇપણ છેડે રહેલા બીજા વ્યક્તિનો સંપર્ક કરી શકે છે અને વિડીયો કોલથી લાઇવ વાતચીત કરી શકે છે. મોબાઇલ ફોનમાં સોશિયલ મિડીયા, ઇન્ટરનેટનો ઉપયોગ પણ દુનિયાભરમાં થઇ રહ્યો છે. પરંતુ ઘણીવાર મોબાઇલ ફોન કોઇ મોટી બબાલનું કારણ બની જતો હોય છે. મોબાઇલ ફોનને કારણે એક ક્રુર હત્યાની ઘટનાની બની છે. જેમાં ઘરકામ પડતું મુકી દિકરી મોબાઇલ ફોનમાં વ્યસ્ત રહેતી હોઇ ઉશ્કેરાઇ ગયેલા પિતાએ કાળઝાળ થઇ કૂકરથી તૂટી પડી દિકરીને માથામાં દસેક ઘા ફટકારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ ઘા એવા જોરદાર હતાં કે કૂકરમાં પણ ઘોબા પડી ગયા હતાં! હત્યારા બાપને પોલીસે પકડી લીધો હતો.

રાજ્યમાં શરૂ થયેલા હત્યાના સિલસિલા અંતર્ગત સુરત શહેરમાં એક જ અઠવાડીયામાં પાંચ હત્યાની ઘટના બની ચુકી છે. અહિના ભરીમાતા રોડ પર પરિવાર સાથે રહેતા એક પિતાએ તેની જ પુત્રીની કૂકરના ઘા મારી હત્યા નીપજાવી દેતાં ચકચાર મચી છે. પુત્રી ઘરકામ કરવાના બદલે મોબાઈલમાં વ્યસ્ત રહેતી હોઈ, ઉશ્કેરાયેલા પિતાએ હત્યાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. છેલ્લા કેટલાક સમયથી આપણે જોઈ રહ્યા છીએ કે મોબાઈલના કારણે અનેક સંબંધો બગડી રહ્યા છે, અકસ્માત સર્જાઈ રહ્યા છે. હવે મોબાઈલને કારણે હત્યાનો બનાવ બન્યાનું સામે આવ્યું છે. સુરતના ભરીમાતા રોડ પર રહેતા અને રિક્ષા ચલાવતા મુકેશ પરમાર તેનાં ત્રણ સંતાનો અને પત્નિ સાથે રહે છે.

વધુ માહિતી અનુસાર મુકેશ પરમાર ભાડેથી રિક્ષા ચલાવે છે અને થોડા સમયથી બીમાર



હોવાથી ઘરે આરામ કરતો હતો. ઘરમાં તેની અઢાર વર્ષીય દીકરી હેતાલી અને નાનો પુત્ર હાજર હતાં. જ્યારે હેતાલીની માતા અને એક બહેન નોકરી પર ગયાં હતાં. હેતાલીની માતા જ્યારે નોકરી પર ગઈ ત્યારે તેને ઘરકામ કરી લેવાનું કહીને ગઈ હતી. એ બાબતે પિતાએ પણ ટકોર કરી, પરંતુ પુત્રી મોબાઈલમાં વ્યસ્ત રહેતી હોઈ, મુકેશ પરમાર ઉશ્કેરાયો હતો અને રસોડામાં પડેલું કૂકર ઉઠાવી દીકરીના માથામાં ધડાધડ દસ ઘા મારતાં દીકરી ત્યાં જ લોહીલુહાણ હાલતમાં પડી ગઈ હતી. હુમલાના કારણે બૂમાબૂમ થતાં જ આસપાસથી લોકો દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં હેતાલીને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

પરંતુ સારવાર દરમિયાન તેનું મૃત્યુ થઈ ગયું હતું. ચોકબજાર પોલીસને જાણ થતાં ગુનો નોંધી આરોપી પિતા મુકેશ પરમારની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલે ચોકબજાર પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર વી. વી. વાગડિયાએ જણાવ્યું હતું કે આરોપી પિતાની ધરપકડ કરવામાં આવી છે. ઘરકામને લઈ પિતા-પુત્રી વચ્ચે છેલ્લા ત્રણ મહિનાથી વિવાદ થતો હતો. દીકરી સૂઈ રહી હતી એ દરમિયાન પિતાએ કૂકરના ઘા મારી તેની હત્યા કરી છે. આરોપી પિતાએ જણાવ્યું છે કે જ્યારે પણ તેને ઘરકામ માટે કહેવામાં આવે ત્યારે તે કરતી નહોતી અને મોબાઈલ પર વાતો કરતી હતી. નોંધનીય છે કે રાજ્યભરમાં બની રહેલી હત્યાની ઘટનાઓ વચ્ચે એકલા સુરત શહેરમાં ગયા રવિવારથી શરૂ થયેલો હત્યાનો સિલસિલો સતત છઠ્ઠા દિવસે પણ યથાવત્ રહ્યો છે. શહેરમાં છ દિવસમાં હત્યાનો આ પાંચમો બનાવ બન્યો હતો. ક્રોધની આગ માણસને કઇ હદ સુધી લઇ જતી હોય છે તેનો આ વધુ એક પુરાવો આપતી ઘટના છે. ક્રોધીત પિતાએ દિકરી પર હુમલો કરવાને બદલે મોબાઇલ તેના હાથમાંથી લઇ લીધો હોત અને એકાદ લપાટ મારી હોત તો પણ આ ઘટના બની ન હોત. પણ ક્રોધને કારણે ભાન ભુલેલા પિતાએ કૂકરના ઘા આડેધડ ફટકારી જુવાનજોધ દિકરીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ ઘટનાથી ખળભળાટ મચી ગયો છે.

# ૨૭ વર્ષના હર્મિશ ગજેરાની હત્યા કરી દોલતસિંહ ફરાર

### કોઠારિયા રોડ પર, નીલકંઠ સિનેમા પાસે મોડી રાત્રીનો બનાવ : રંગીલા રાજકોટમાં હત્યાનો સિલસિલો યથાવત, વધુ એક લોથ ઢળી

રાજકોટ મિરર, તા.૩૦

રંગીલા રાજકોટ શહેરમાં હત્યાનો સિલસિલો યથાવત રહ્યો તેમ મોડી રાત્રીના નીલકંઠ સિનેમા પાસે એક યુવાનની જાહેરમાં છરીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતા શહેરભરમાં સનસનાટી મચી ગઈ છે. અહી અઠવાડિયામાં હત્યા સહિતના ગંભીર બનાવો નિરંતર બની રહ્યા છે. જાણે શહેરમાં કાયદો અને વ્યવસ્થા તંત્રનું નામો નિશાન ન હોય તેવી સ્થિતિ સર્જાય છે. જાણકારોએ તો ત્યાં સુધી કહ્યું કે હવે રંગીલા રાજકોટની બિહાર જેવી સ્થિતિ થઈ ગઈ છે.

અહીં થતા ગંભીર ગુનાના બનાવવામાં પોલીસતંત્ર હજુ એક પૂરી તપાસ ના કરી શકી હોય તેટલા સમયમાં જ બીજા ખૂન સહિતના ગંભીર બનાવ બની જાય છે. આવી જ વાત સાબિત થતી હોય તેમ આજે શહેરના કોઠારિયા મેઈન રોડ, નીલકંઠ ટોકીઝ સામે એક યુવાન પર ઝીંકાયેલા છરીના ઘાનો બનાવ અંતે હત્યામાં પલટાતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી.મૃતકની લાશને સિવિલ હોસ્પિટલે ખસેડી હોવાની મોડી રાત્રે વિગતો મળી રહી છે. બનાવ ભક્તિનગર પોલીસ સ્ટેશન સામે બન્યો હોવા છતાં રાત્રિના પોલીસ સ્ટેશનનો ફોન ઉઠાવનાર પીએસઓએ આ બાબતે અજાણતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આવી વાત સંભળાય છે પરંતુ પોલીસ સ્ટેશન સુધી કોઈ વિગતો પહોંચી નથી.

દરમિયાન બનાવ સ્થળેથી એવી વિગતો મળવા પામી હતી કે હર્મિશ ગજેરા નામના ૨૭ વર્ષના યુવાન પર કોઈ દોલતસિંહ નામના શખ્શે કોઈ કારણોસર ધડાધડ છરીના ઘા ઝીંકી દેતા પટેલ યુવાન હોસ્પિટલ સુધી પહોંચી શક્યો ન હતો. મતલબ કે તેમનું રસ્તામાં જ મૃત્યુ થતા બનાવ હત્યામાં ફેરવાઈ ગયો હતો. બનાવની જાણ થતા જાણ થતા ભક્તિનગર પોલીસ, ક્રાઈમ બ્રાંચ, એલસીબી પોલીસ કાફલો મારતા ઘોડે બનાવ સ્થળે દોડી ગયો હતો.

એવી વિગતો પણ ચર્ચાતી હતી કે લોહીથી લથબથ યુવાનને કોઈએ પહેલા આજુબાજુની ખાનદાની હોસ્પિટલે પહોંચાડયો હતો પરંતુ ત્યાં તબીબોની સારવાર કારગત નીકળે તે પહેલા જ તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે મૃતકની લાશને સિવિલ હોસ્પીટલે ખસેડી પીએમ વિધિ હાથ ધરી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે, નીલકંઠ સિનેમા સામે જ ભક્તિનગર પોલીસ સ્ટેશન આવેલું હોવા છતાં હુમલાખોરે પોલીસના ભય વગર જાહેરમાં રોડ પર છરીના ઘા ઝીંકી દેતા હર્મીશ ગજેરા નામના યુવાનની હત્યા થઇ છે. પોલીસે હવે કડકાઈપણું દાખવીને બેખૌફ બનેલા ગુન્હેગારો સામે લાલ આંખ કરવાનો સમય પાકી ગયો છે અન્યથા રંગીલું રાજકોટ ગુન્હાનગરી તરીકે ઓળખાવા લાગશે તેવું શાંત પ્રજાનું કહેવું છે.











### 'ગઇઢા ગાડા વાળે' એ કહેવત બરોબર પણ અહિ તો ડોસાએ એવુ કર્યુ કે સૌ ચોંકી ગયા

# વૃધ્ધે રાજકોટની મહિલા પર હોટેલમાં ગુજાર્યો બળાત્કાર!

### લગ્ન વિષયક સાઇટ પર મુળ નાગપુરનો ૭૪ વર્ષિય ડોસો રાજકોટના ૫૦ વર્ષિય મહિલા સાથે સંપર્કમાં આવ્યોઃ ત્રણેક વર્ષ વાતચીત થઇઃ ડોસાએ પછી વડોદરાની હોટેલમાં રૂમ બૂક કરાવી મહિલાને લગ્નની વાતના નામે બોલાવ્યાઃ પહેલી જ મુલાકાતમાં દૂષ્કર્મ આચરી લીધુંઃ પોલીસે નિવૃત એન્જિનીયરની કરી ધરપકડ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૦૧

હવસખોરીના કિસ્સાઓ રોજબરોજ રાજ્યમાં બનતા રહે છે. કોઇને કોઇ લેભાગુ તત્વો પોતાની વિકૃતિ સંતોષવા બાળાઓ, યુવતિઓ, સગીરાઓ, પરિણીતાઓ કે પછી ઘણીવાર તો બાળકોને પોતાની શૈતાનિયતનો શિકાર બનાવી લેતાં હોય છે. કોઇ સોશિયલ મિડીયા થકી શિકાર કરે છે તો કોઇ ગમે તેમ કરીને જે બે બાળા યુવતિને ફસાવે છે. એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક ડોસાએ જેની ઉમર ચિમોતેર વર્ષ છે અને પોતે નિવૃત એન્જિનીયર છે તેણે એક પ્રૌઢ વયની મહિલા પર દૂષ્કર્મ આચરી લીધુ છે! માન્યામાં ન આવે એવી આ ઘટનામાં પોલીસે વિધીસર ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી છે. સોશિયલ મિડીયા મારફત મેટ્રીમોનીયલ સાઇટ પરથી આ ડોસો અને રાજકોટની મહિલા સંપર્કમાં આવ્યા હતાં. બંને એક બીજા સાથે વાતચીત કરતાં હતાં એ પછી એક દિવસ ડોસાએ રાજકોટની મહિલાને ફસાવી તેની સાથે દૂષ્કર્મ આચરી લીધુ હતું.

ઘટના પર નજર કરીએ તો રાજકોટની પચાસ વર્ષની મહિલા સાથે મેટ્રિમોનિયલ સાઇટથી સંપર્કમાં આવેલાન નાગપુરના નિવૃત્ત એન્જિનિયરે વડોદરાની હોટલમાં મુલાકાત માટે બોલાવ્યા બાદ દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ પીડિતાએ કરી છે. પોલીસ વિભાગમાં ચર્ચામાં રહેલા આ કિસ્સાની વિગત એવી છે કે નાગપુરમાં રહેતા નિવૃત્ત ઇલેકટ્રિકલ એન્જિનિયરને પુનર્લગ્ન કરવા હોવાથી મેટ્રિમોનિયલ સાઇટ પર સર્ચ કરતા હતા. આ દરમિયાન રાજકોટમાં રહેતી પચાસ વર્ષીય અપરિણીત મહિલાનો સંપર્ક થતાં બંને વચ્ચે વાતચીત થઇ હતી. આ વાતચીતનો દોર આગળ વધ્યો હતો અને બંને એક બીજા સાથે



લગ્ન કરવા સુધી તૈયાર થઇ ગયા હતાં.

ત્યારબાદ લગ્ન માટે ઉત્સુક બંને પાત્ર વચ્ચે રૂબરૂ મુલાકાત કરવાનું નક્કી થયું હતું અને તે માટે ગઇ ઓગણત્રીસમી સપ્ટેમ્બરે વડોદરાના સયાજીગંજ વિસ્તારની પ્રેસિડેન્ટ હોટલમાં રૂમ પણ બુક કરાવવામાં આવ્યો હતો. જ્યાં પહેલી જ મુલાકાતમાં વૃધ્ધે મહિલાની મરજી વિરુધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો! આ બનાવ અંગે પીડિતાએ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા એસીપી ડી. જે. ચાવડાએ એકતરફ બળાત્કારનો ગુનો નોંધ્યો હતો અને બીજીતરફ પીઆઇ ઝેડ એન ધાસુરાએ ટીમને તાબડતોબ નાગપુર રવાના કરી આરોપી હરિ-સાદ જગન્નાથ રાઠી (એલઆઇજી-૫૬, વીએચબી કોલોની,શાંતિનગર,નાગપુર)ને ઝડપી પાડયો હતો.

ઢળતી ઉંમરે આધ્યાત્મ, ભજન-કિર્તન તરફ મન વાળવાની ઉંમરે વૃદ્ધે શરમજનક કૃત્ય કરતા ચર્ચાનો વિષય બન્યો છે. આ વૃધ્ધ લગ્ન વિષયક સાઇટ પરથી મહિલાના સંપર્કમાં આવ્યા હતા. આરોપી વૃદ્ધ નિવૃત એન્જિનિયર છે અને હાલ ખાનગી કંપનીમાં કન્સલટન્ટ કામનું કામ કરે છે. પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ કરતાં આરોપી મહારાષ્ટ્રનો હોવાનું જણાઇ આવતા સયાજીગંજ પોલીસ મથકના પોલીસ ઇન્સેક્ટરની એક ટીમ નાગપુર માટે રવાના થઇ હતી. જ્યાંથી આરોપીને દબોચી લઇને વડોદરા લાવવામાં આવ્યો હતો.

આરોપીએ તેની પુછપરછમાં ગુનો આચર્યો હોવાની કબુલાત પણ કરી હતી. આખરે આરોપીને વડોદરા લાવીને તેના વિરૂદ્ધ વધુ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. બંનેને બે-બે સંતાન છે. જોકે, આરોપી હરિપ્રસાદ રાઠીના પત્નિ હયાત નથી. સયાજીગંજ પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર ઘાસુરાએ જણાવ્યું હતું કે ભોગ બનનાર મહિલા અને હરિપ્રસાદ રાઠી છેલ્લા ત્રણ- ચાર વર્ષથી એકબીજાના સંપર્કમાં હતા. આરોપી હરિપ્રસાદ રાઠી એન્જીનીયર તરીકે નિવૃત્ત થયા હતા અને હાલમાં એક કંપનીમાં કન્સલટન્ટ તરીકેની સેવા આપી રહ્યા છે. આ ઘટનાએ ભારે ચકચાર જગાવી છે.

# જવાહર રોડના દૂકાનદાર સાથે જામનગરીએ કર્યુ ફ્રોડ

## રૂપિયા ટ્રાન્સફરનું કામ કરાવતી વખતે જામનગરના શખ્સે ઓળખાણ કેળવી એક લાખ મેળવી લીધા બાદ પંદર હજાર પાછા દઈ બાકીના ૮૫ હજાર ખાઈ ગયોઃ એ-ડિવીઝનમાં ફરિયાદ



દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૦૧

ગામને કેમ કરીને ધૂંબા મારી પોતાના ગજવા ભરી લેવા તે અમુક લેભાગુઓ બરાબર રીતે જાણતા હોય છે. આ રીતે ફ્રોડની વુધ એક ઘટના શહેરના એ-ડિવીઝન પોલીસમાં નોંધાઇ છે. જવાહર રોડ પર મોબાઇલ સીમ કાર્ડની દૂકાન ધરાવતાં અને મની ટ્રાન્સફરનું કામ કરતાં વેપારી સાથે જામનગરના શખ્સે વિશ્વાસ કેળવી અવાર-નવાર રૂપિયા ટ્રાન્સફરનું કામ કરાવી સમયસર નાણા ચુકવી દીધા બાદ છેલ્લે એક લાખ મેળવી તેમાંથી માત્ર પંદર હજાર પાછા આપી બાકીના પંચ્યાસી હજાર વારંવાર ઉઘરાણી કરવા છતાં પાછા ન આપતાં અંતે એફઆઇઆર દાખલ કરાવવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે તાર ઓફિસ પાછળ મોહમદી રેસીડેન્સી ડી-૫૦૩માં રહેતાં અને જવાહર રોડ ગેલેક્સી હોટેલ સામે મારૂતિનંદન કોમ્પલેક્ષમાં મોબાઇલના સીમ કાર્ડ વેંચવાનું અને મની ટ્રાન્સફરનું કામ કરતાં એકતાલીસ વર્ષના અબ્બાસઅલી અકબરઅલી પુનાવાલાની ફરિયાદ પરથી જામનગર ડાંગરવાડા ગૌશાળા રોડ પર પંચવટી કોલોની ૮-બી ખાતે રહેતાં શૈલેન્દ્રસિંઘ નીરબાણ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. અબ્બાસઅલી પુનાવાલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું સાતેક વર્ષથી અલગ અલગ સીમ કાર્ડ વેંચુ છુ અને મની ટ્રાન્સફરનું કામ કરુ છું, એકાદ વર્ષથી મારી દૂકાને જામનગરનો શૈલેન્દ્રસિંઘ મની ટ્રાન્સફરના કામે આવતો હોઇ જેથી ઓળખાણ થઇ હતી અને એક બીજાના ફોન નંબર લીધા હતાં. શૈલેન્દ્રસિંઘને ગમે ત્યારે રૂપિયા ટ્રાન્સફર કરવા હોઇ તે મને ફોન કરે ત્યારે હું તેનું કામ કરી દીધો હતો અને બીજા દિવસે તે દુકાને આવી રૂપિયા આપી જતો હતો.

આ રીતે તેણે વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં તા. ૨૬/૯/૨૪ના રોજ તેણે મને રાતે દસેક વાગ્યે ફોન કરી મને એક લાખ ટ્રાન્સફર કરી આપો હું તમને કાલે પાછા આપી દઇશ તેમ કહેતાં મેં તેને જુના ચાર્જના રૂા. ૬૮૦૦ લેવાના હતાં તે કાપીને ૯૩૨૦૦ ટ્રાન્સફર કરી દીધા હતાં. બાદમાં શૈલેન્દ્રસિંઘે મને તમારા રૂપિયા પાછા આપી દીધા છે તેમ કહી વ્હોટ્સએપમાં મને સ્ક્રીનશોટ મોકલ્યો હતો. મેં વિશ્વાસ રાખી મારુ એકાઉન્ટ બેલેન્સ ચેક કર્યુ નહોતું. પણ ૨૭/૯/૨૪ના રોજ મેં એકાઉન્ટ ચેક કરતાં મારા એકાઉન્ટમાં રૂપિયા જમા થયા ન હોઇ મેં શૈલેન્દ્રસિંઘને ફોન કરી મારા રૂપિયાની ઉઘરાણી કરતાં તેણે થોડા દિવસમાં આપી દઇશ તેમ કહી છેલ્લે ૨૭/૧૦ના રોજ મને માત્ર ૧૫ હજાર ચુકવી બાકીના ૮૫ હજાર આજ સુધી ચુકવ્યા નથી. અંતે ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં અબ્બાસઅલીએ કહેતાં પીઆઇ આર. જે. બારોટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ. આર. મકવાણાએ તપાસ હાથ ધરી છે.

બે છોકરીના ફોટા બતાવ્યાઃ એક પસંદ કરતાં કહ્યું આની સાથે લગ્ન કરવા હોય તો રૂપિયા ૫૧ હજાર થશે

# હંસરાજ નગરના કટલેરીના ધંધાર્થી સાથે લગ્નના નામે ઠગાઈ

## મેરેજ બ્યુરોના કહેવાતાં સંચાલક મનીષ વસાણી વિરૂધ્ધ એ ડિવિઝન પોલીસે નોંધ્યો ગુન્હો : આધેડે લગ્ન માટે વાડી પણ બૂક કરાવી લીધી હતી! પણ કન્યા બતાવાઈ જ નહીં, રૂપિયા પણ પાછા ન દીધા !

રાજકોટ મિરર, તા.૩૦

રાજકોટ શહેરમાં લગ્ન કરવા ઈચ્છુક યુવાન સાથે ઠગાઈના બની રહેલા કિસ્સાઓમાં વધુ એક બનાવ ઉમેરો થયો છે. જેમાં હંસરાજ નગરમાં રહેતા અને કટલેરીની લારી કાઢી ભેગા કરતા આધેડને કહેવાતા મેરેજ બ્યુરોના સંચાલકે લગ્ન માટે કન્યા શોધી દેવાનું કહી એકાવન હજાર રૂપિયામાં નક્કી કરી કટકે કટકે ૩૧,૦૦૦ લઈ લીધા બાદ કન્યા ન શોધી આપી ઠગાઈ કરતા પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે. આધેડે લગ્ન માટે જ્ઞાતિની વાડી પણ ભાડે રાખી લીધી હતી.

આ બનાવની વિગતો જોઈએ તો હંસરાજ નગરમાં રહેતાં કટલેરીના ૪૮ વર્ષીય ધંધાર્થી સુનીલભાઈ ચત્રભુજભાઈ સીંધવડની ફરિયાદ પરથી મનીષ વસાણી વિરૂધ્ધ ગુનો દાખલ થયો છે. સુનિલભાઈએ જણાવ્યું છે કે પોતે કટલેરીની રેકડી કાઢી રાજકોટ શહેરમા જુદી જુદી જગ્યાએ ફરીને વેપાર કરે છે. ગત તા.૧૮-૦૩-૨૦૨૩ના સાંજના છએક વાગ્યે તેમના મિત્ર ગિરીશભાઈ જાની મળ્યા હતા અને તેઓને લગ્ન બાબતે વાતચિત કરીને કહ્યું હતું કે તેમને લગ્ન કરવા છે તમને કોઈ મેરેજ બ્યુરોવાળુ ઓળખીતું હોય તો કહેજો.

ત્યારે ગિરીશભાઈએ તેમના જાણીતા મનીષ વસાણીના મોબાઈલ નંબર આપ્યો હતો અને કહ્યુ હતું કે તે મેરેજ બ્યુરો ચલાવે છે. તેમની સાથે વાત કરી લેજો જો તમારા લાયક કન્યા મળી જાય તો તમારુ ઘર બંધાય જાય.

બાદ આશરે દશેક દિવસ બાદ સુનીલભાઈએ ફોનથી તેમના લગ્ન બાબતે મનિષ સાથે વાતચિત કરેલ તો તેણે કહ્યું હતું કે, આપણે આજે આ બાબતે રુબરુ મળવુ પડશે. પછી



મનીષભાઈ મળવા માટે તે જ દિવસે સાંજે આઠેક વાગ્યે રુબરુ પરાબજાર ખાતે આવીને કહ્યું હતું કે મારે તમારુ ઘર પણ જોવુ પડશે. અને ત્યાર બાદ જ તમને હુ કન્યાની માહીતી આપીશ.

આવી વાત થતા સુનીલભાઈ મનીષભાઈને ઘરે લઈ જઈને ઘર બતાવ્યું હતું. બાદ મનીષભાઈએ લગ્ન માટે કન્યાના અલગ અલગ બે ફોટાઓ તેમના મોબાઈલમાથી બતાવતા જેમાથી એક છોકરી પસંદ પડતા તે કન્યા સાથે લગ્ન કરવાની સુનીલભાઈએ હા પડી હતી. મનીષભાઈએ તે કન્યા સાથે લગ્ન કરવા માટે રૂપિયા ૫૧,૦૦૦ આપવા પડશે તેવુ કહેતા સુનીલભાઈએ હા પાડી હતી અને મનીષે આગળ વાત વધારવા અત્યારે રૂ. ૧૦ હજાર આપવા પડશે તેવું જણાવતા સુનીલભાઈએ રૂ,૧૦ હજાર આપી દીધા હતા.

દરમિયાન થોડાક દીવસ પછી મનીષનો ફોન આવેલ અને કહેલ કે, તમે મને રૂ.૪૧, ૦૦૦ ઓનલાઈન મોકલાવી આપો. પરંતુ સુનીલભાઈને એન્ડ્રોઈડ મોબાઈલ વાપરતા ન આવડતો હોય ભત્રીજી કાજલબેન ચેતનભાઈ રાણપરીયાને આ બાબતે વાત કરતા કાજલબેને તેના મોબાઈલથી મનીષભાઈના મોબાઈલ નંબર ઉપર ફોન પે કરી મનીષભાઇ વસાણીને તા.૩૧/૦૩/૨૩ ના રોજ રૂ,૬૦૦૦ ત્યાર બાદ તા ૦૫/૦૪/૨૦૨૩ના રોજ રૂ.૫૦૦૦ ત્યારબાદ તા ૦૬/૦૪/૨૩ના રૂ. ૧૦,૦૦૦ એમ રૂપિયા.૨૧,૦૦૦નુ ટ્રાન્સફર કરી મનીષભાઇને રૂપીયા આપેલ હતા.

બાદ મનીષભાઈએ લગ્ન માટે વાડી બુક કરવાનુ કહેતા સુનીલભાઈએ પેડકરોડ ઉપર આવેલ ખત્રી સમાજની વાડી પણ રોકડા રૂ.૭૦૦૦ ભરી બુક કરાવેલ હતી. બાદ મેં મનીષ વસાણીને જણાવેલ કે મે તમને પૈસા તો આપ્યા છે તમે મને લગ્ન માટે કન્યા શોધી દયો. પણ અવાર નવાર કહેવા છતાં આજદિન સુધી કોઇ કન્યા સાથે મેરેજ કરાવેલ નથી અને પૈસા પરત કરવા અંગે તેમને વાત કરતા વારંવાર બહાના કાઢતા હોઇ લગ્ન કરાવી દઇશ તેવી લાલચ આપી છેતરી કુલ રૂ.૩૧,૦૦૦ લઇ છેતરપીંડી કરેલ હતી. એ ડિવિઝન પોલીસ ઇન્સપેક્ટર આર.જી. બારોટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.એસ. રાણાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## પરાપીપળીયામાં ICU ઓન વ્હીલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ



રાજકોટ, તા. ૩૦ નવેમ્બર - રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દર્દીઓની સ્વાસ્થ્ય સુખાકારી માટે સતત તત્પર રહે છે. રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આકસ્મિક સંજોગોમાં સગર્ભા માતા અને નવજાત શિશુને ત્વરિત સારવાર સાથે હોસ્પિટલ ખસેડવામાં સરળતા રહે, તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા અદ્યતન ટેકનોલોજી અને સુવિધા ધરાવતી આઇ.સી.યુ. ઓન વ્હીલ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. જેનો લોકાર્પણ કાર્યક્રમ પરાપીપળીયા ગામ ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યુ હતું કે, લોકોને આરોગ્યલક્ષી સેવા સરળતાથી પહોંચી શકે, તે માટે યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં આવી હતી. આ સેવાનો હેતુ સાકાર થયો છે, જેના માટે જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવું છું. ઉલ્લેખનીય છે કે જિલ્લા પંચાયતના સભ્ય સુમિતાબેન રાજેષભાઈ ચાવડા અને તાલુકા પંચાયતના સભ્ય લાભુબેન વિક્રમભાઈ હુંબલના પ્રયત્નોથી મળેલી આ એમ્બ્યુલન્સનો લાભ બેડી, ગવરીદડ, આણંદપર, બાઘી, હડાળા, કાગદડી, ખંભાળા, પડધરી તાલુકાના ન્યારા, ઈશ્વરીયા, સણોસરા, ખોરાણા સહિતના ગામોના લોકોને મળી શકશે. આ તકે ગ્રામજનોએ જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, સાંસદ પરષોતમભાઈ રૂપાલા, રામભાઇ મોકરીયા અને કેશરિદેવસિંહ ઝાલા, ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી, અગ્રણીઓ ધવલભાઈ દવે અને અલ્પેશભાઈ ઢોલરીયા સહીત ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

## દામ્પત્ય જીવનમાં ઘણીવાર દંપતિઓ વચ્ચે ચડભડ થાય, પણ ક્યારેક વાત છુટાછેડા સુધી પહોંચી જાય

# ઈન્કમટેક્સ અધિકારીને પત્નિ, સાળાએ મારકુટ કરી, સસરાએ ધમકાવ્યા

## શહેરના રેસકોર્ષ રીંગ રોડ પર રહેતાં અધિકારીની એ-ડિવીઝન પોલીસમાં હાલ બિહાર રહેતી પત્નિ, સાળા, સાળાના મિત્ર અને સસરા વિરૂધ્ધ ફરિયાદઃ પત્નિ સાથે ડિવોર્સનો ચાલી રહ્યો છે કેસ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૦૧

દામ્પત્ય જીવનમાં અમુક પતિ-પત્નિ વચ્ચે રોજબરોજ ચડભડ થતી રહેતી હોય છે. ઘણીવાર વાત છુટાછેડા લેવા સુધી પહોંચી જાય છે. શહેરના રેસકોર્ષ રીંગ રોડ પર રહેતાં મુળ બિહારના વતની ઇન્કમટેક્સ ઓફિસરને તેમના પત્નિ સાથે ડિવોર્સનો કેસ ચાલુ હોઇ ગત ઓક્ટોબર મહિનામાં પત્નિ, સાળા અને સાળાના મિત્રએ રાજકોટ આવી માથાકુટ કરી મારકુટ કરી ધમકી આપી હોઇ તેના કારણે તેમણે જે તે વખતે અરજી કરી હતી. હવે આ મામલે પત્નિ, સાળો, સાળાના મિત્ર અને ફોનમાં ધમકી આપનારા બિહાર રહેતાં સસરા વિરૂધ્ધ તેમણે એફઆઇઆર દાખલ કરાવી છે.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે રેસકોર્ષ રીંગ રોડ પર આયકર ગૃહ વાટીકા બ્લોક નં. ૭૮માં રહેતાં મુળ બિહાર ભાગલપુરના મીરજાન હાટ ગામના ઇન્કમટેક્સ ઇન્સ્પેક્ટર તેતાલીસ વર્ષિય કુમારઅભીનવ પ્રભુનાથ ભગતની ફરિયાદ પરથી બિહાર ભગતટોલા માતાસ્થાન જી. અરારીયા ખાતે રહેતાં સાક્ષીકુમારી કિશુનપ્રસાદ ભગત, અમીત કિશુનપ્રસાદ ભગત, શ્રવણ ભગત અને કિશુનપ્રસાદ ભગત વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે. કુમારઅભીનવ ભગતે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે હું અહિ દિકરી સાથે રહુ છુ, મારો દિકરો મારા પત્નિ સાક્ષીકુમારી સાથે બિહારમાં રહે છે.

તેમણે આગળ જણાવ્યું છે કે પત્નિ સાથે મારે છ વર્ષથી ડાયવોર્સીનો કેસ રાજકોટ ફેમિલી કોર્ટમાં ચાલુ છે. ગત ૧૭/૧૦/૨૪ના સાંજે સાડા સાતેક વાગ્યે હું અને દિકરી ઘરે હતાં ત્યારે મારા પત્નિનો ફોન આવેલો અને દિકરી સાથે વાત કરીને કહેલુ કે મારે દિકરાના કપડા અને બીજો સામાન લેવાનો છે જેથી તું અને તારા પપ્પી ત્રિકોણબાગ પાસે જુડીયોના શો રૂમ પાસે આવો. આથી હું અને મારી દિકરી ત્રિકોણબાગ પાસે જતાં ત્યાં મારા પત્નિ તેમજ મારા સાળા અમિત ભગતના મિત્ર શ્રવણકુમાર પણ હતાં. મેં શ્રવણને મારો સાળો અમિત ક્યાં છે? તેમ પુછતાં શ્રવણે તે અહિ નથી તેમ કહ્યું હતું. એ પછી અમે ઘરેથી લાવેલો સામાન મારી પત્નિને આપ્યો હતો. તે વખતે મને જોઇને મારો દિકરો રડવા લાગ્યો હતો.

એ પછી મેં તેને મારા બાઇકમાં બેસાડી તેને ચક્કર મરાવ્યું હતું. ત્યારબાદ દિકરો બાઇકમાંથી નીચે ઉતરતો ન હોઇ અને મારી સાથે જ તેને આવવું હતું. પણ મારી પત્નિ દિકરાને પોતાની સાથે લઇ જવા ઇચ્છતી હતી. મેં મારી પત્નિને અત્યારે હું દિકરાને ઘરે લઇ જાવ છુ બે ત્રણ કલાક પછી તમે ક્હો ત્યાં મુકી જઇશ તેમ કહી હું દિકરા-દિકરીને લઇને ઘરે ગયો હતો. બાદમાં રાતે દસેક વાગ્યે મેં શ્રવણને ફોન કરી મારા દિકરાને તમે કહો ત્યાં મુકી જાવ તેમ કહેતાં તેના ફોનમાં મારી પત્નિએ વાત કરી હવે આજની રાત તમે દિકરાને તમારી પાસે જ રાખો તેમ કહ્યું હતુ અને ફોન મુકી દીધો હતો.

પણ દિકરો રડતો હોઇ હું તેને કમ્પાઉન્ડમાં આટો મરાવવા લઇ ગયો હતો. એ દરમિયાન ૧૮/૧૦ની રાતે અઢી વાગ્યે મારા ફોનમાં શ્રવણનો ફોન આવતાં મેં રિસીવ કર્યો નહોતો. બાદમાં મારા પત્નિ સાક્ષીનો ફોન આવતાં તે પણ રિસીવ કર્યો નહોતો. એ પછી થોડી જવારમાં મારા પત્નિ અને શ્રવણ મારા રહેણાક ખાતે આવેલ અને ડોર બેલ વગાડતાં હતાં. તે વખતે બંનેએ મને અને મારા દિકરાને નીચે કમ્પાઉન્ડમાં



### બીજા બનાવમાં હેડ પોસ્ટ ઓફિસના આસી. ડાયરેક્ટરને રાજસ્થાની શખ્સે વ્હોટ્સએપમાં બે વિડીયો મોકલી ધમકાવ્યાઃ જુની ફરિયાદનો ખાર રાખી આવુ કર્યુઃ બંને કિસ્સામાં એ-ડિવીઝન પોલીસે તપાસ આરંભી

જોયા હતાં. એ પછી બંને નીચે આવતાં મેં મારા પત્નિને તું અત્યારે મોડી રાતે શ્રવણ સાથે એકલી કેમ આવી? અત્યારે કયાં જઇ રહ્યા છો? તારો ભાઇ અમિત ભગત ક્યાં છે? તેમ પુછતાં મારા પત્નિએ મને માર ખાવો હોય તો અમારી સાથે ચાલ તેમ કહેલું.

જેથી હું તેની સાથે રિક્ષામાં બેસી ગયો હતો. રિક્ષામાં પણ પત્નિ મારી સાથે જેમતેમ બોલતી હતી. શ્રવણે પણ મને જેમતેમ કહ્યું હતું. રિક્ષા રાજકોટ બસ સ્ટેશન પાસે પહોંચી હતી. જ્યાં મારો સાળો અમિત પણ હતો. બાદમાં મારા પત્નિએ ૧૦૦ નંબરમાં ફોન કરતાં હું, મારો સાળો, પત્નિ અને શ્રવણ એમ ચારેય એ-ડિવીઝન પોલીસ સ્ટેશને ગયા હતાં. જ્યાં મારા પત્નિએ એવુ નિવેદન આપેલુ કે કોઇ પોલીસ ફરિયાદ કરવી નથી.

બાદમાં હું ત્યાંથી સવારે ચારેક વાગ્યે નીકળી મારા ઘરે જવા નીકળ્યો હતો. એ પછી ભાવનગરના ઉતારાવાળી ગલીમાં એસીબી કચેરી નજીક મારા પત્નિ સાક્ષી, સાળો અમિત, તેની સાથેના શ્રવણે આવી ઝઘડો કરી મને મારકુટ કરી હતી અને સાળાએ મારી નાખવાની તથા ડિવોર્સનો કેસ પાછો ખેંચી લેવાનું કહી તેમજ મારી પત્નિએ રાતે હું તારી ઘરે આવી હતી તેનું પ્રુફ જો કોર્ટમાં આપીશ તો ખરાબ પરિણામ આશવે તેવી ધમકી આપી હતી. બાદમાં મારા સાળાએ તેના ફોનમાંથી મારા સસરા કિશુનપ્રસાદને ફોન જોડતાં સસરાએ પણ મને ધમકી આપી કહેલુ કે-અત્યારે તારા વિરૂધ્ધ કોઇ ફરિયાદ કરી નથી, તું સુધરી જા નહિતર ફરિયાદ કરી તારુ જીવન બરબાદ કરી નાખીશ. એ પછી આ ત્રણેય જતાં રહ્યા હતાં. આ બનાવ બાદ મેં અરજી કરી હતી. દિવાળીની રજા હોઇ હું વતન બિહાર ગયો હતો. પરત આવી હવે ફરિયાદ નોંધાવી છે. તેમ વધુમાં કુમારઅભિનવ ભગતે જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર આર. જે. બારોટની સુચના અનુસાર પીએસાઇ એમ. એસ. રાણાએ એફઆઇઆર દાખલ કરાવી વિશેષ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં શહેરની હેડ પોસ્ટ ઓફિસના આસી. ડિરેક્ટરને તેઓ અગાઉ રાજસ્થાન ફરજ બજાવતાં હોઇ ત્યાં રહેતા શખ્સે માથાકુટ કરી હોઇ તેના વિરૂધ્ધ ત્યાંના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોઇ આ બાબતનો ખાર રાખી એ શખ્સે બે વખત વ્હોટ્સએપમાં વિડીયો મોકલી તેમને અને તેમના પત્નિને ધમકી આપતાં ફરિયાદ દાખલ કરાવાઇ છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે સિનીયર પોસ્ટ માસ્તર ક્વાર્ટરમાં રહેતાં અને હેડ પોસ્ટ ઓફિસ ખાતે આસી. ડિરેક્ટરના પદે ફરજ બજાતાં એકાવન વર્ષના જયકિશન હીં ગોરાનીની ફરિયાદ પરથી રાજસ્થાનના અજમેર ખાતે એમડી કોલોનીમાં રહેતાં આલોક ભારદ્વાજ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે. જયકિશન હીં ગોરાનીએ ફયિરાદમાં જણાવ્યું છે કે હું ત્રીસ વર્ષની વિવિધ રાજ્યોમાં પોસ્ટ ખાતામાં ફરજ બજાવુ છું.

છેલ્લે જુન ૨૦૨૪માં રાજસ્થાનના ઝાલાવાડ જીલ્લાથી મારી રાજકોટમાં બદલી થઇ છે. ૧૫/૯/૨૪ના રાતે ૧૧:૫૫ કલાકે મારા ફોન પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. મેં તે કોલ રિસીવ કર્યો નહોતો. એ પછી મને વ્હોટસએપમાં એ જ નંબર પરથી વિડીયો મોકલાયો હતો. વિડીયો જોતાં તેમાં આલોક ભારદ્વાજ મને અને મારા પત્નિને મારી નાખવાની ધમકી આપતો હતો. એ પછી ૧૬/૯ના રોજ સવારે છ વાગ્યે ફરીથી વિડીયો મોકલાયો હતો. તેમાં ણ તે જેમ ફાવે તેમ બોલી મને અને મારા પત્નિને મારી નાખવાનધી મકી આપતો હતો. આથી મેં એ નંબર બ્લોક કરી દીધો હતો.

ત્યાર પછી મને તેમાંથી કોઇ ફોન કે મેસેજ આવ્યો નથી. હું અગાઉ રાજસ્થાનમાં નોકરી કરતો હતો ત્યારે અમારા ઘરથી આશરે દસેક ઘર દૂર આલોક રહેતો હતો. તે વખતે તેણે માથાકુટ કરી હોઇ જેથી મેં ત્યારે અલવરગેઇટ પોલીસ સ્ટેશનમાં તેના વિરૂધ્ધ ફરિયાદ કરી હતી. એ પછી મારી બદલી રાજકોટ થઇ હોઇ હાલ હું રાજકોટ રહુ છું. ગત ૨૮/૭/૨૪ના રોજ આલોક મારા અજમેર વાળા ઘરમાં ઘુસતો હોઇ અને કેમેરા તોડતો હોય તેવુ મારા ધ્યાને કેમેરા ચેક કરતાં આવ્યું હતું. મેં તે અંગે અલગથી તેના વિરૂધ્ધ અલવર ગેઇટ પોલીસમાં ફરિયાદ આપી હતી.

આમ મેં અગાઉ કરેલી ફરિયાદનો ખાર ખી તેણે વિડીયો મોકલી ધમકી આપી હોઇ અને અલવરગેઇટ પોલીસે તેને પકડ્યો હોવાની મને જાણ થતાં હવે અહિ મેં ફરિયાદ નોંધાવી છે. તેમ વધુમાં કિશન હીંગોરાનીએ જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ. આર. મકવાણાએ ફરિયાદ દાખલ કરી તપાસ આદરી છે.

કાલાવડ રોડ પર રહેતાં કારખાનેદારે ધંધાના કામ માટે મિત્ર મારફત સાંઇઠ લાખ લીધા તેની સામે સિત્તેર લાખ એંસી હજાર ચુકવ્યા છતાં વધુ ઉઘરાણી

# કારખાનેદાર વ્યાજંકવાદમા ફસાયાઃ ગામ મુકાવી દેવાની ધમકી

## દસ લાખથી વધુ વ્યાજ પેટે ચુકવ્યા પછી મુદ્દલની આકરી ઉઘરાણી થતાં આ રકમ પણ ચુકવી દીધીઃ પરંતુ વ્યાજે આપનારે કહ્યું-મુદ્દલ મોડી ચુકવી એટલે વધુ દસ ટકા આપવા પડશેઃ મકાનનો દસ્તાવેજ, ચેક, સાટાખત પણ પાછા ન દીધાઃ અંતે માલવીયાનગર પોલીસમાં ફરિયાદ દાખલ કરાવાઇ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૦૧

વ્યાજંકવાદની અવાર-નવાર પોલીસ ચોપડે જાહેર થતી ફરિયાદોમાં વધુ એક ગુનો દાખલ થયો છે. કાલાવડ રોડ પર રહેતાં કારખાનેદારે મિત્ર મારફત આશાપુરા ફાયનાન્સના સંચાલક પાસેથી ધંધાના કામે રૂપિયા સાંઇઠ લાખ વ્યાજે લઇ તેની સામે દસ લાખ એંસી હજાર વ્યાજના અને મુદ્દલના મળી કુલ સિત્તેર લાખ એંસી હજાર રૂપિયા ચુકવી દીધા હોવા છતાં નાણા આપનારે તમે મુદ્દલ ચુકવવામાં મોડુ કર્યુ એટલે વધુ દસ ટકા વ્યાજ આપવું પડશે તેમ કહી રાજકોટ મુકાવી દેવાની ધમકી આપી કારખાનેદારને તેના મકાનના દસ્તાવેજની ફાઇલ તેમજ સાટાખત, કોરા ચેક સહિત પાછા ન આપતાં અંતે કારખાનેદારે એફઆઇઆર દાખલ કરાવી છે.

શહેરભરમાં ચકચાર જગાવનારી આ ફરિયાદની વિગતો પર નજર કરીએ તો માલવીયાનગર પોલીસે કાલાવડ રોડ સૂર્યોદય સોસાયટી ગંગા એપાર્ટમેન્ટમાં રહેતાં અને જુના માર્કેટ યાર્ડ રોડ પર ગજાનન રી-પાવરીંગ નામે કારખાનામાં વાહનનું મજૂરી કામ કરતાં સાંઇઠ વર્ષના સુરેશભાઇ અમરસિંહભાઇ પરમારની ફરિયાદ પરથી પ્રવિણસિંહ જાડેજા (પી.ટી. જાડેજા) તથા તપાસમાં ખુલે તેની સામે ગુનો દાખલ કર્યો છે. સુરેશભાઇ પરમારે ફરિયાદમાં જણાવ્યું છે કે હું કારખાનામાં કામ કરુ છું અને આ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં મારે ધંધાના કામે સાંઇઠ લાખ રૂપિયાની જરૂર પડતાં મારા જુના મિત્ર યશપાલભાઇ પટગીર જે સાઇનગર ચોકમાં મને ભેગા થતાં હોઇ મેં તેને વાત કરતાં તેણે પોતે એક બે જગ્યાએ વાત કરીને મને કહશે તેમ કહેલું. બાદમાં યશપાલભાઇએ કહેલુ કે પ્રવિણસિંહ જાડેજાને ઓળખુ છું અને તે વ્યાજે પૈસા આપે છે. જેમની ઓફિસ બીગ બજારમાં છે, આપણે તેને રૂબરૂ મળી આવશું તેમ વાત કરી હતી.

ત્યારપછી બીજા દિવસે સવારે હું અને યશપાલભાઇ પ્રવિણસિંહને રૂબરૂ મળવા ગયા હતાં અને મેં તેને મારે ધંધા માટે ૬૦ લાખની જરૂર છે તેમ કહેતાં તેણે પહેલી તારીખ પછી આપશે તેમ કહી હું મકાનના દસ્તાવેજ વગર પૈસા આપતો નથી તેમ કહ્યું હતું. ત્યારે યશપાલભાઇએ પ્રવિણસિંહને કહેલુ કે આ મારા જુના મિત્ર છે, તેઓને સાટાખત પર પૈસા આપો, તેઓ ચુકવણી કરી દેશે, વળી દસ્તાવેજનો ખર્ચ તેઓને ન થાય એ માટે સાટાખતનું રાખો તેમ કહેતાં પ્રવિણસિંહે હું આવી રીતે આપતો નથી પણ યશપાલભાઇ તમારા લીધે હું આપીશ. બે દિવસ પછી મકાનની ફાઇલ લઇને ગોંડલ મારા વકિલ પાસે જજો અને ચેક કરાવી લેજો તેમ કહેતાં અમે નીકળી ગયા હતાં. બાદમાં અમે મારા મકાનની ફાઇલ લઇ વકિલને બતાવવા ગયા હતાં. તેમણે ફાઇલ ક્લીયર કરી હતી. અસલ દસ્તાવેજની ફાઇલ વકિલે પોતાની પાસે રાખી લીધી હતી.

કારખાનેદારે એફઆઇઆરમાં આગળ જણાવ્યું છે કે પછી વકિલે ફોન કરી ફાઇલ ક્લીયર થઇ ગઇ છે તમે લઇ જજો તેમ કહેતાં હું અને યશપાલભાઇ વીસ દિવસ પછી ફાઇલ લેવા ગોંડલ ગયા હતાં. ત્યાંથી વકિલે પ્રવિણસિંહના બીજા વકિલની ઓફિસ રાજકોટ દોઢસો ફુટ રીંગ રોડ ગિરીરાજ હોસ્પિટલ પાસે છે ત્યાં આપી હોવાનું કહ્યું હતું. ત્યારબાદ બે દિવસ પછી વકિલે બોલાવતાં હું અને યશપાલભાઇ તેની ઓફિસે ગયા હતાં. ત્યારે સાટાખત અને પાવરનામામાં મારી સહી લીધી હતી. પછી સાટાખત, પાવરનામુ અને મકાનની અસલ દસ્તાવેજની ફાઇલ વકિલે પોતાની પાસે રાખી લઇ અમને




હવે તમે પી. ટી. જાડેજાને મળી લેજો, હું તેમની સહી લઇ બધા કાગળો તેમને આપી દઇશ તેમ કહ્યું હતું. ત્યારબાદ તા. ૨૨/૩/૨૪ના રોજ હું અને યશપાલભાઇ પ્રવિણસિંહની ઓફિસે ગયા હતાં. જ્યાં તેઓ હાજર હતાં અને મને કહેલુ કે દર મહિને ૩ ટકા લેખે એડવાન્સ વ્યાજ પેટે રૂા. ૫,૪૦,૦૦૦ આપવાના થશે.

આ પછી ૬૦ લાખમાંથી ૩ ટકા લેખે તેમણે રૂા. ૫,૪૦,૦૦૦ કાપી લઇ મને ૨૯,૬૦,૦૦૦ રોકડા આશાપુરા ફાયનાન્સ બીગ બાઝારની ઓફિસે આપેલા અને બાકીના ૨૫ લાખ આરટીજીએસથી આપી કુલ રૂા. ૫૪,૬૦,૦૦૦ આપ્યા હતાં. આ રકમની સિક્યુરીટી પેટે તેમણે મારી પાસેથી નાગરિક બેંકના ૫-૫ લાખના ૭ ચેક લખાવી લીધા હતાં. દર મહિનાની પહેલી તારીખે હું સાઇનગર ચોકમાં યશપાલભાઇને ૩ ટકા માસિક વ્યાજ લેખે રૂા. ૧,૮૦,૦૦૦ આપી દેતો હતો. તે પ્રવિણસિંહને પહોંચાડી દેતાં હતાં.

આ રીતે મેં ઓગષ્ટ મહિના સુધીમાં નિયમીત રીતે વ્યાજના કુલ રૂા. ૧૦,૮૦,૦૦૦ ચુકવ્યા હતાં. એ પછી ૨૧/૮/૨૪ના રોજ પ્રવિણસિંહની ઓફિસમાં કામ કરતાં હસુભાઇએ મને ફોન કરી કહેલુ કે તમે મુદ્દલની રકમ ૧૧ તારીખે આપી જજો.

પરંતુ મારી પાસે મુદ્દલ ચુકવવા નાણા હાથ પર ન હોઇ મેં-મારાથી હાલમાં પહોંચાય તેમ નથી તમને વ્યાજ આપી જઇશ તેમ કહેતાં હસુભાઇએ હા પાડી હતી. એ પછી એ જ દિવસે થોડીવાર બાદ યશપાલભાઇનો ફોન આવેલો અને કહેલુ કે હસુભાઇનો ફોન હતો તમારે મુદ્દલ રકમ પાછી આપવાની છે. તેમને પણ મેં કહેલુ કે પ્રવિણસિંહ તમારુ માનશે, તમે તેમને કહો હું વ્યાજની રકમ આપી જાઉ છું. જેથી યશપાલભાઇએ વાંધો નહિ હું તેમની સાથે વાત કરી લઇશ તેમ કહેલું. બાદમાં ૩૦/૮ના રોજ હું સાઇનગર ચોકમાં યશપાલભાઇને મળ્યો હતો અને સપ્ટેમ્બર મહિનાના વ્યાજના ૧,૮૦,૦૦૦ આપ્યા હતાં. યશપાલભાઇ પ્રવિણસિંહને રૂબરૂ આ રકમ આપવા ગયા હતાં પણ તેણે રૂપિયા લીધા નહોતાં અને કહેલુ કે સુરેશભાઇને કહેજો મુદ્દલ આપી દે. એ પછી હું કેકેવી ચોકમાં યશપાલભાઇને મળતાં તેણે કહેલુ કે પ્રવિણસિંહ માનતા નથી, તેઓ મુદ્દલની વાત કરે છે. એ પછી તા. ૨/૯/૨૪ના પ્રવિણસિંહના માણસ હસુભાઇએ ફોન કરવાનું ચાલુ કર્યુ હતું. તેણે એક કલાકમાં મુદ્દલના પૈસા ભરી જાવ નહિતર માથાકુટ થશે, સારાવટ નહિ રહે તેવું સતત ફોન કરીને કહ્યું હતું.

ત્યાર પછી હું અને યશપાલભાઇ મુદ્દલના પૈસા એકઠા કરવા દોડાદોડી કરતાં હતાં. બાદમાં તા. ૫/૯/૨૪ના યશપાલભાઇ વડોદરા ગયેલા ત્યારે તેના કહેવાથી મેં પ્રવિણસિંહને ફોન કરી કહેલુ કે રાતના ૨૫-૩૦ લાખ આવી જશે, બાકીના આવતીકાલે ચેકથી આપી દઇશ. એમ કહેતાં પ્રવિણસિંહે આજ રાતના ૧૨ વાગ્યા સુધીમાં પૈસા નહિ આપ તો તારી અને યશપાલની જિંદગી બગાડી નાખીશ, તમને બેયને ક્યાંયના રહેવા નહિ દઉ, રાજકોટમાં રહેવા નહિ દઉ તેમ કહી મને બેફામ ગાળો દીધી હતી. એ પછી એ દિવસે જ પ્રવિણસિંહ સાથે મારે ફોનમાં ચારથી પાંચ વખત વાત થઇ હતી.

ત્યારબાદ ૬/૯/૨૪ના રોજ હસુભાઇએ અડધા અડધા કલાકે ફોન ચાલુ કરી પૈસા તાત્કાલીક આપી જાવ નહિતર તમને અને યશપાલભાઇને બાપુ ચોકમાં લાવી મારશે. આ પછી મેં કંટાળીને મારો ફોન સ્વીચઓફ કરી દીધો હતો અને મારા મોટા ભાઇ પ્રવિણભાઇ પરમારને વાત કરી હતી. એ પછી તેમણે તા. ૧૦/૯/૨૪ના રોજ યશપાલભાઇ અને હસુભાઇ સોનીને રૂબરૂ બોલાવી મુદ્દલના ૬૦ લાખ પૈકી ૩૦ લાખ આરટીજીએસની પ્રવિણસિંહના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતાં. તેમજ ૨૯,૬૦,૦૦૦ તેમને રોકડા આપ્યા હતાં. ત્યારે હસુભાઇએ મારા મોટા ભાઇ પ્રવિણભાઇને કહેલુ કે પ્રવિણસિંહ તેઓના ગામડે ગયા છે, રાતે આવે એટલે તેમની પાસેથી મકાનની ફાઇલ, ચેક, લખાણ આપી જઇશું. પરંતુ મકાનની ફાઇલ પાછી અપાઇ નહોતી. એ પછી બે દિવસ બાદ મારા પત્નિ સારવાર માટે દેવ હોસ્પિટલમાં દાખલ હતાં ત્યારે મારા મિત્ર ધર્મેન્દ્રભાઇનો ફોન આવેલો કે પ્રવિણભાઇ સોનીએ ફોન કરી કહ્યું છે કે મુદ્દલના ૬૦ લાખ તમે પ્રવિણસિંહને મોડા ચુકવ્યા છે એટલે હવે એક મહિનાનું ૧૦ ટકા લેખે વ્યાજ ચુકવવુ પડશે, નહિતર તેઓ મકાનની ફાઇલ આપવાની ના પાડે છે.

આથી મેં કહેલુ કે પ્રવિણભાઇ સોનીનો હવે ફોન આવે તો કહેજો ફાઇલ તેની પાસે રાખે, ફાઇલ નથી જોઇતી.

ત્યારબાદથી આજ સુધી તેમણે મારી પાસે સિક્યુરીટી પેટે કરાવેલ સાટાખત, પાવરનામુ, નાગરીક બેંકના ૭ ચેકો તથા મારા મકાનની અસલ દસ્તાવેજની ફાઇલ પોતાની પાસે જ રાખી લીધી છે. મેં ૬૦ લાખ વ્યાજે લઇ તેની સામે વ્યાજના ૧૦,૮૦,૦૦૦ તેમજ મુદ્દલના ૨૯,૬૦,૦૦૦ અને ૩૦,૦૦,૦૦૦ મળી કુલ ૭૦,૮૦,૦૦૦ ચુકવજી દીધા હોવા છતાં મકાનની ફાઇલ પાછી ન આપી વધુ વ્યાજની ઉઘરાણી કરી રાજકોટ મુકાવી દેવાની ધમકી આપતાં હોઇ અંતે મારે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં સુરેશભાઇ પરમારે જણાવતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર જીજ્ઞેશ આર. દેસાઇ, પીએસઆઇ ડી. એસ. ગજેરાએ એફઆઇઆર દાખલ કરી આરોપો અંગે તપાસ શરૂ કરી છે.

# મવડી ચોકડી પાસે એક્સેસ-સાયકલ વચ્ચે અકસ્માત : ૩ વિદ્યાર્થી ઘાયલ

## એક્સેસ ચાલક વિદ્યાર્થીનો હોઠ કપાઇ ગયો : ત્રણેય સારવારમાં



રાજકોટ મિરર, તા.૩૦

શહેરમાં આજે વહેલી સવારે મવડી ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જવાના રોડ પર અકસ્માતની ઘટના બનતા ૩ વિદ્યાર્થીઓ ઘવાયા હતા. ત્રણેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. વહેલી સવારે બનેલી આ ઘટનામાં લોકોના ટોળા એકત્ર થઇ ગયા હતા અને ઘવાયેલા વિદ્યાર્થીઓના પરિવારજનોને અકસ્માતની જાણ કરી હતી.

આ બનાવની વિગતો મુજબ આજે વહેલી સવારે મવડી ચોકડીથી ગોંડલ ચોકડી તરફ જવાના રસ્તે આર. કે. પ્રાઇમ નામના બિલ્ડીંગ નજીક અકસ્માતની ઘટના બનતા સાયકલ સવાર શિવમ નિલેશભાઇ વિસાવડીયા (ઉ.વ. ૩૦, રહે. ક્રિષ્ના પાર્ક બ્લોક નં. ૨ મવડી ચોકડી), કોઠારીયા ગામમાં આવેલી શિવ ભવાની સોસાયટીમાં રહેતા મિત કિશોરભાઇ સિદપરા (ઉ.વ.૧૭) અને યુગ (ઉ.વ. ૧૩) ને ઇજા પહોંચતા ત્રણેયને સારવાર માટે અહીંની સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે.

આ ઘટનામાં પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યુ હતું કે શિવમ તપોવન સ્કુલમાં ધો. ૮ માં અભ્યાસ કરે છે. યુગ પણ તપોવન સ્કુલમાં અભ્યાસ કરે છે. આ બંને મિત્રો સાયકલ લઇ વહેલી સવારે સ્કુલે જવા નિકળ્યા હતા ત્યારે એકસેસ લઇને કોઠારીયા ગામમાં રહેતો મિત ધોળકીયા સ્કુલે જવા નિકળ્યો હતો. ત્યારે અકસ્માત સર્જાયો હતો.

મિત ધો. ૧૨માં અભ્યાસ કરે છે તેમજ તેમના પિતાને સ્ક્રેપનો ધંધો છે. આ અકસ્માતને કારણે તેમનો હોઠ કપાઇ જતા તેમને સિવિલ હોસ્પિટલમાં ઇમરજન્સી વિભાગમાં સારવાર અર્થે ખસેડયો હતો. તેમજ આ ઘટના બનતા વોકિંગમાં નિકળેલા લોકોએ તુરંત ૧૦૮ને જાણ કરી હતી.

જયારે બીજી ઘટનામાં મોરબી રોડ પર વેલનાથપરા સોસાયટીમાં રહેતા શામજીભાઇ જેરામભાઇ વિરસોડીયાએ પોતાની ફરીયાદમાં એક ઇલેકટ્રીક બાઇકના ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે ગઇ તા. ૨૨ના રોજ તેમના માતા મોરબી રોડથી બેડી ચોકડી તરફ જવાના રસ્તે રસ્તો ઓળંગતા હતા ત્યારે આ બાઇકના ચાલકે તેમને ઠોકરે લેતા તેઓને પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઇજા પહોંચી હતી. આ મામલે બી ડિવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધવામાં આવી છે.

# સોની બજારના વધુ એક વેપારીનું ૬.૮૦ લાખનું સોનું લઇ કારીગર નાસી ગયો

## જુદા જુદા બહાના બતાવી કારીગર કોલકાતા ભાગી ગયો

રાજકોટ મિરર, તા.૩૦

સોની બજારમાં વધુ એક વેપારીનુ સોનુ લઇ કારીગર ફરાર થઇ ગયો હોવાનુ એ ડિવીઝન પોલીસ મથકમાં લેખિત ફરીયાદ નોંધાઇ હતી. જેમાં સોની બજારમાં માંડવી ચોક અમુભાઇ આર્કેડમાં દુકાન ધરાવતા ઉફીન જસિમ નામના બંગાળી સોની વેપારીએ તેમના સાઢુભાઇ રહીસુલ સદીદુલ ઇસ્લામ વિરુધ્ધ રૂ. ૬.૮૦ લાખની છેતરપીંડીની કર્યાની અરજી એ ડિવીઝન પોલીસમાં આપી હતી. આ ગુનામાં એ ડિવીઝન પોલીસ મથકના સ્ટાફ આરોપીને પકડવા તજવીજ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ સોની વેપારી ઉફીન જસિમે ફરિયાદમાં આક્ષેપો સાથે જણાવ્યુ હતુ કે પોતે છેલ્લા બે વર્ષથી વેપારીઓનુ સોનુ લઇ દાગીના બનાવી મજુરી કામ કરે છે.

તેમને ગયા ફેબ્રુઆરીમાં તેમના સાઢુભાઇ રહીસુલ જે બેરોજગાર હોય તેઓ પોતાને કામે રાખવા માટે વિનંતી કરતા હતા. તેમજ સગ્ગાવહાલા સાથે વાતચીત કર્યા બાદ સાઢુભાઇ રહીસુલભાઇએ વેપારી ઉફીને પોતાની દુકાને જોબવર્ક માટે રાખ્યા હતા. તેઓને દુકાને રાખ્યા ત્યારે વેપારીએ એ ડિવીઝન પોલીસ મથકમાં સરકારી ગાઇડલાઇન મુજબ નોંધણી કરાવી હતી.

તેમજ ગઇ તા. ૩૧-૭ ના રોજ ઓર્ડર મુજબ આવેલુ સોનુ સાઢુભાઇને કામ કરવા માટે આપ્યુ હતુ. તેમના ૮ દિવસ બાદ આ સોનાનુ કામ તેઓએ દુકાનમાં જમા કરાવતા તેમાંથી રૂપિયા ૬.૮૦ લાખનુ ૯૧.૬૦ ગ્રામ સોનુ ઓછુ હોવાનુ જણાયુ હતુ. જેથી તેમને વેપારીએ પુરેપુરૂ સોનુ જમા કરવા જણાવ્યુ હતુ. જેથી આરોપી રહીસુલે તેમનાથી સોનુ ખોવાઇ ગયુ હોવાનુ બહાનુ બતાવ્યુ હતુ અને તેમને પાંચ દિવસમાં પરત આપી દઇશ તેવો વાયદો કર્યો હતો. ત્યારબાદ તેમણે પિતાજીને હાર્ટની સર્જરી કરાવવાની છે તેમ કહી કોલકતા જવુ પડશે તેમ વેપારીને જણાવી કોલકતા જતો રહયો હતો. આ ઘટના અંગે વેપારીએ તેમના સબંધીઓમાં તપાસ કરાવતા આરોપી રહીસુલના પિતાજીને કોઇ હાર્ટ સમસ્યા નહી હોવાનુ જાણવા મળ્યુ હતુ અને તેમને ફોન કરતા તેમણે સોનુ પરત આપી દેવાની વાત કરી ફોન ઉપાડવાનુ બંધ કરી દીધુ હતુ. આ અંગે વેપારીએ એ ડિવીઝન પોલીસ મથકમાં લેખિત અરજી આપતા પોલીસે તપાસ શરૂ કરી છે.

મારી જિંદગીને કાઇ થશે તો કોઇને નહિ મુકું તેવું કહી

# ઘંટેશ્વરના વેપારીને બનેવી સહીત ત્રણની ધમકી

## ધમકીખોરોને પકડવા ગાંધીગ્રામ પોલીસની કવાયત




રાજકોટ મિરર, તા.૩૦

શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ૨૫ વારીયા પાસે એકતા સોસાયટીમાં રહેતા કરિયાણુંનો વેપાર કરતા મુસ્લિમ પ્રૌઢને ફોન પર તેમના બનેવી અને બંન્ને ભાણેજ દ્વારા ધમકી આપતા પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

મળતી વિગત અનુસાર, એકતા સોસાયટીમાં રહેતા અસલમભાઇ અબ્દુલકાદર અલ્લાણ (ઉ.૫૨) નામના પ્રૌઢે તેમના બનેવી જાવેદ મુસા કામદાર, ભાણેજ નફીસ ઉર્ફે બાબુ જાવેદ કામદાર અને ફઇમ ઉર્ફે સુલ્તાન (રહે. ત્રણેય ધોરાજી) સામે ફરિયાદ નોંધાવી છે. અસલમભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, પોતે ઘર પાસે કરિયાણાની દુકાન ચલાવીને વેપાર કરે છે. ગઇકાલે બપોરના સમયે પોતે દુકાનેથી ઘરે જમવા ગયા ત્યારે તેમના બહેન અફસાનાબેનના મોટા દીકરા નફીસનો વોટ્સએપ કોલ આવ્યો હતો. અને તેમણે પિતા સાથે વાત કરવાનું કહ્યું હતુ. ત્યાર બાદ અસલમભાઇએ તેમના બનેવી જાવેદભાઇ સાથે વાત કરતા તેઓએ જણાવ્યું કે, તમે મારા દિકરા નફીસના સસરાનું સરનામું પોલીસને શા માટે આપ્યું? જેથી અસલમભાઇએ કહ્યું કે, પોતે પોલીસમાં જામીન પડ્યા હોય જેથી તેમનું સરનામું આપ્યું છે. ત્યાર બાદ બનેવી જાવેદ અને તેમના બન્ને પુત્રએ વોટ્સએપ કોલ પર અસલમભાઇને ધમકી આપતા કહ્યું કે, તું ઘરમાં દુશ્મની થાય તેવું કરે છે. મારી જીંદગીને કાંઇ થશે તો અમે કોઇને મુકીશું નહીં' ત્યાર બાદ અસલમભાઇએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

**ઝઘડાનો ખાર રાખી યુવાન પર હુમલો**

શહેરના નવયુગપરાના યુવાન ઉપર એસ્ટ્રોન ચોકના નાલા નજીક જુના ઝઘડાનો ખાર રાખી ત્રણ શખ્સોએ હુમલો કરી માર મારતા તેને ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

જાણવા મળતી વિગત મુજબ જીલ્લા ગાર્ડન ચોક પાસે નવયુગપરા શેરી નં ૫ માં રહેતો વિનોદ જગદીશભાઇ ચાંડપા (ઉ.વ. ૩૧) નામનો યુવાન ગઇકાલે રાત્રે સ્કુટર લઇ માસીના ઘરે જતો હતો ત્યારે એસ્ટ્રોન ચોકના નાલા નજીક પહોંચતા નીખીલ ઓડ, કૃણાલ ઓડ અને લુલ્લાએ આંતરી કોઇ હથીયાર વડે હુમલો કરી માર મારતા તેને માથાના ભાગે તથા શરીરે ઇજા થતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.પ્રાથમિક તપાસમાં વિનોદ કારખાનામાં કામ કરે છે. ચાર મહિના પહેલા આરોપીઓએ દારૂ પીને આવતા ઝઘડો થયો હતો જેનો ખાર રાખી હુમલો કર્યાનુ જાણવા મળ્યુ છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી એ ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજારામ સોસાયટીમાં મહિલાનો ઝેરી દવા પી આપઘાત

## પુત્રને ભણાવવા બાબતે દંપતી વચ્ચે થયેલી તકરારે સર્જી કરૂણાંતિકા

રાજકોટ મિરર, તા. ૩૦

શહેરના સામાકાંઠે સંતકબીર રોડ પર આવેલી રાજારામ સોસાયટીમાં રહેતા કારખાનેદારના પત્નીએ ઝેરી દવા પી લઇ આપઘાત કરી લેતા પરિવારમાં શોક છવાઇ ગયો છે.

મૃતકને પતિ સાથે છોકરા બાબતે ઝઘડો થતા આ પગલું ભરી લીધુ હતુ. આ અંગે થોરાળા પોલીસ સ્ટેશનના સ્ટાફે કાગળો કર્યા હતા. મળતી વિગતો મુજબ સંતકબીર રોડ પર આવેલી રાજારામ સોસાયટીમાં રહેતા સંગીતાબેન ઉમેશભાઇ કયાડા નામના ૪૨ વર્ષના મહિલાએ ગઇ તા. ૨૬ના રોજ સાંજના સમયે ઝેરી દવા પી લીધી હતી. જેથી તેઓને સૌપ્રથમ મેડીકેર હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ ગયા હતા ત્યારબાદ ત્યાથી તેમને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેઓનુ સારવાર દરમિયાન ગઇકાલે રાત્રીના સમયે મૃત્યુ નિપજયુ હતુ. સંગીતાબેનનુ માવતર રતનપરના જારીયા ગામે આવેલ છે. તેમના પતિ ઉમેશભાઇ કયાડાને સંસ્કાર ઇન્ડ. એરીયામાં કારખાનુ આવેલુ છે. બંનેના આ બીજા લગ્ન હોવાનુ જાણવા મળી રહયુ છે. તેમજ આ ઘટનામાં પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યુ હતુ કે તેમનો પુત્રને ભણવા બાબતે દંપતિ વચ્ચે ઝઘડો થયો હતો જેના કારણે સંગીતાબેનને લાગી આવતા તેમણે આ પગલુ ભરી લીધુ હતુ. સંગીતાબેને આપઘાત કરી લેતા જારીયા ગામે રહેતા તેમના પરીવારને જાણ કરવામાં આવી હતી. તેમજ તેમના મૃત્યુથી પરીવારમાં શોક છવાઇ ગયો છે. આ અંગે બી ડિવીઝન પોલીસ મથકના પીએસઆઇ રત્ન અને સ્ટાફે તપાસ આગળ શરૂ કરી છે.

# સૂર્યનગરમાં બીમારીથી કંટાળી આધેડનો ગળેફાંસો ખાઇ આપઘાત

રાજકોટ મિરર, તા.૩૦

શહેરના નાનામવા રોડ પર આવેલા સૂર્યનગરમા બીમારીથી કંટાળી આધેડે ગળાફાંસો ખાઇ આપઘા કરી લેતા પરિવારમાં શોકની લાગણી છવાઇ જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ નાના મવા રોડ પર સૂર્યનગર શેરી નં.૪માં રહેતા જીગ્નેશભાઇ ભાવસિંગભાઇ પરમાર (ઉ.વ.૫૦) નામના આધેડે આજે સવારે પોતાના ઘરે પંખામાં ચાદર બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. સવારે તેના નાનાભાઇ ઉઠાડવા ઉપર ગયા ત્યારે લટકતી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો.

બનાવની જાણ થતા માલવિયા નગર પોલીસે ઘટના સ્થળે દોડી જઇ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક આધેડ બે ભાઇ બે બહેનમાં મોટા હતા. પત્ની હયાત નથી તથા ગળાની બિમારીથી કંટાળી આ પગલું ધરી લીધાનું જાણવા મળ્યુ છે.

છ માસની બાળકીનું મોત

રામાપીર ચોકડી નજીક પાણીના ટાંકા પાસે રહેતા રજનીકાંત સિંગલની છ માહિનાની બાળકી માહિનું બિમારી સબબ મોત નીપજ્યુ હતુ. અધુરા માસે જન્મ થતા વજન ઓછો હોવાથી બિમાર રહેતી હતી.

# સ્વસ્તિક સોસાયટીમાં પરિણીતા પર કાકા-કાકીનો હુમલો,

## બચાવવા વચ્ચે પડેલા માતાને પણ માર્યો માર

રાજકોટ મિરર, તા.૩૦

શહેરના આજીડેમ વિસ્તારમાં આવેલા મહીકા ગામે સ્વાસ્તિક સોસાયટીમાં રહેતા પરિણીતા પર તેમના કાકા-કાકી અને પિતરાઇ ભાઇએ હુમલો કરતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

મળતી વિગતો મુજબ, સ્વાસ્તિક સોસાયટીમાં રહેતા રંજનબેન મનસુખભાઇ ગોહેલ નામના ૨૫ વર્ષના પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તેમના લગ્ન થઇ ગયા છે અને પતિ સાથે મનમેડ ન આવતા હાલ રીસામણે માવતરે રહે છે. ગઇકાલે સાંજના સમયે ઘર પાસે રહેતા અશોકભાઇની દિકરીને રમડાતી હતી તે સમયે કાકી ગંગાબેન જગદીશભાઇ ગોહેલ ઉભા હતા અને તેમની દીકરી કિરણ પણ ત્યાં ઉભી હતી. તે સમયે આ અશોકભાઇની પુત્રીને રમડતા રમડતા તેને બધા કાળી કહીને બોલવતા હોય જેથી રંજનબેને અશોકભાઇની દીકરીને કહ્યુ કે, તે મારું નામ રાખી લીધું છે. જેથી તેમના કાકી ગંગાબેને લાગ્યું કે, રંજન કાળી કહીને તેમની દીકરી કીરણને બોલાવે છે. જેથી ગંગાબેને માથાકુટ કરી રંજનને ગાળો આપી અને વાળ પકડી ઢીકાપાટુનો માર માર્યો હતો. આ વખતે કાકા જગદીશભાઇ ગોહેલ અને તેમનો દીકરો ભાવેશ બન્ને લકડી લઇને મારવા દોડ્યા હતા. અને ઢીકા પાટુનો માર માર્યો હતો. ત્યાર બાદ માતા કાંતાબેન વચ્ચે પડતા તેમને પણ ભાવેશે માર માર્યો હતો. આ મામલે રંજનબેને સારવાર માટે સિવિલ હોસ્પિલે ખસેડાયા હતા. તેમજ આ બનાવ અંગે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

# PI પાદરિયા સામે ૩૦૭ની કલમ રદ કરવા કોર્ટમાં રિપોર્ટ

## જયંતી સરધારા સામે ગુન્હો નોંધવા અરજી : પાદરીયા રૂબરૂ આવી નિવેદન આપશે તો સરધારા સામે નોંધાશે ગુન્હો : DCP



રાજકોટ મિરર, તા.૩૦
સરદારધામના ઉપપ્રમુખ બનવા મુદ્દે પૂર્વ કોર્પોરેટર જયંતી સરધાર ઉપર કરાયેલા કથિત હુમલામાં પોલીસે ઉતાવળથી ખૂનની કોશિશની કલમ ૩૦૭ લગાડી દીધી છે. હવે આ કલમને રદ્દ કરવા કોર્ટમાં રીપોર્ટ કરાયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે મળતી વિગતો મુજબ પીઆઈ સંજય પાદરિયા વિરૂદ્ધ હત્યાના પ્રયાસ ગુનો નોંધાયા બાદ સમગ્ર પ્રકરણમાં હવે નવો અધ્યાય શરુ થયો છે અને તેમાં પીઆઈ દ્વારા જયંતી સરધાર વિરુદ્ધ પોલીસમાં એક અરજી આપીને ગુન્હો નોંધવા માંગ કરી છે પણ પીઆઈ રૂબરૂ આવીને નિવેદન આપશે તો ગુન્હો નોંધવામાં આવશે તેવું જગદીશ બાંગરવા(ડીસીપી ઝોન - ૨ ) દ્વારા આજે મીડિયા સમક્ષ જાહેર કરાયું હતું.

વિગતો મળી છે કે પીઆઈ પાદરીયા દ્વારા રાજકોટ તાલુકા પોલીસમાં સરધાર વિરુદ્ધ અપાયેલી અરજીમાં ખોડલધામ અને પોલીસ વિષે ઘસાતું બોલતા બબાલ જન્મી હોવાનું જણાવાયું છે.

ગત ૨૫ નવેમ્બરના રોજ કણકોટ રોડ ઉપરના શ્યામ પાર્ટી પ્લોટમાં રમેશભાઈ ગીરધરભાઈ ખુંટના પુત્રના લગ્ન પ્રસંગમાં પૂર્વ કોર્પોરેટર જયંતિ સરધારા અને જૂનાગઢના પીઆઈ સંજય પાદરિયા વચ્ચે સરદાર ધામના ઉપપ્રમુખ બનવાની વાતને લઈ થયેલી માથાકૂટમાં પોલીસે ઉતાવળમાં પી.આઈ સંજય પાદરીયા સામે હત્યાની કોશિશની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ ઘટના બાદ સામાજીક વિવાદ ભડકવાના ભણકારા વચ્ચે અગ્રણીઓ પોલીસ કમિશ્નરને મળ્યા હતા અને હુમલાનાં પી.આઈ સંજય પાદરીયાની તરફેણમાં રજૂઆત કરી હતી હત્યાની કોશીશની આકરી કલમ લગાવવામાં ઉતાવળ કરી હોવાની રજુઆત સાથે સત્યનો સાથ આપી ન્યાયિક તપાસ કરવાની માંગ કરી હતી. પોલીસે આ બનાવમાં અંતે પીછે હઠ કરવી પડી હતી.

આ મામલે ઝોન-૨ ડીસીપી જગદીશ બાંગરવાએ આજે પત્રકારોને જણાવ્યું હતું કે, પોલીસે તબીબોના અભિપ્રાય અને ઘટનાના સીસીટીવી ફૂટેજ તપાસ્યા પછી આ ઘટનામાં પી.આઈ સંજય પાદરીયા સામે હત્યાની કોશિશની કલમ રદ કરવા કોર્ટમાં તાલુકા પોલીસે રીપોર્ટ કર્યો છે. હવે આ બનાવમાં ભારતીય ન્યાય સહિતા ની કલમ ૧૧૭ (૨) મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ બનાવમાં પોલીસ દ્વારા કોર્ટમાં રીપોર્ટ કરતા નવો વણાંક આવ્યો છે.

બીજી તરફ આ મામલે પી.આઈ પીઆઈ પાદરિયાએ જયંતી સરધારા સામે વળતી ફરિયાદ માટે અરજી કરી છે જેમાં જણાવ્યું છે કે, જૂનાગઢ જિલ્લાના ચોકી-સોરઠ ખાતે હું પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કરું છું. ગત ૨૫ નવેમ્બરના રોજ હું કણકોટ રોડ ઉપરના શ્યામ પાર્ટી પ્લોટમાં અમારા સંબંધી રમેશભાઈ ગીરધરભાઈ ખુંટના પુત્રના લગ્ન પ્રસંગમાં ગયો હતો.

તેવામાં ૮:૩૦ વાગ્યા આસપાસ સરધારાને મળ્યાં અને સાથે ઉભા રહીને વાતચીત કરી હતી. આ દરમિયાન સરધારા ઉશકેરાઈને ખોડલધામ વિશે ખરાબ બોલવા લાગ્યા હતા. જંયતી સરધારાએ ખોડલધામવાળા બધા ચોર હોવાનું કહીને સંસ્થાને અપશબ્દો દેતા મે તેમને સમજાવ્યા હતા. ત્યારબાદ પોલીસવાળા પણ ચોર છે તેવું કહીને જયંતીભાઈએ મારો કાઠલો પકડીને મને પાટા માર્યા હતા.

આ મામલે ડીસીપી ઝોન-૨ એ જણાવ્યું કે, પી.આઈ પાદરીયા સાથે મારામારીની ઘટનાના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે. જો પી.આઈ સંજય પાદરીયા આ મામલે રૂબરૂ ફરિયાદ નોંધાવવા આવશે ફરિયાદને આધારે જયંતિ સરધારા સામે ગુન્હો નોંધાશે.

# આવાસ માટે તૂર્તમાં ઓનલાઈન સર્વે

## આવાસથી વંચિત લોકો માટે સરકાર સજાગ : વેબ પોર્ટલ પર રજીસ્ટ્રેશન શરૂ

રાજકોટ, તા. ૩૦
મહાનગરપાલિકા દ્વારા દરેક લોકો માટે આવાસ બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે કે જે લોકો ખરા અર્થમાં પોતાના ઘરનું ઘર ખરીદી ન શકતા હોય. ત્યારે આ કિસ્સામાં હજુ પણ અનેકવિધ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે હવે ભારત સરકાર નવી નીતિનો અમલ કરવા માટે સૂચિત પણ કરવામાં આવ્યું છે જેથી હવે મહાનગરોમાં કેટલા લોકો આવાસ લેવા માટે ઈચ્છા ધરાવે છે તેની માહિતી વેબ પોર્ટલ પર એકત્રિત કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ એક રૂમ, દોઢ રૂમ જેવી કેટેગરીમાં કેટલા લોકોને આવાસ જોઈએ છે તેનો ઓનલાઈન સર્વે તૈયાર કરવામાં આવ્યો છે જે વિસ્તારમાં આવાસ ની જરૂર હોય ત્યાં આવાસ બનાવવાના વાસ્તવિક આયોજન હવે શક્ય બનશે આ કરવા પાછળનું સરકારનો મુખ્ય હેતુ એ જ છે કે ઝડપભેર જે આવાસ છે તે લાભાર્થીઓને મળતા રહે એટલું જ નહીં લાભાર્થીઓ માટે હાલ જે આવાસ ને લઈને પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેમાં પણ



ઘટાડો થાય.

રાજકોટના પ્રથમ નાગરિક નયનાબેન પેઠડીયા તથા મહાનગરપાલિકાના પદાધિકારીઓ અધિકારીઓએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા ૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ જાહેર કરવામાં આવેલી છે જેમાં મુખ્ય ચાર ઘટક બેનિફિશ્યરી લેડ, એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપ, ડેફોડેબલ રેન્ટલ હાઉસિંગ તથા ઈન્ટરેસ્ટ સબસીડી સ્કીમ અંતર્ગત લાભાર્થીઓને લાભ આપવામાં આવશે અંતર્ગત નવા આવાસો માટે ઓનલાઇન સર્વેની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. મહત્વની વાત તો એ છે કે પોતાના સ્વપનનું મકાન મેળવવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવું ખૂબ જરૂરી અને આવશ્યક છે ત્યારે એફોર્ડેબલ હાઉસિંગ મિશન દ્વારા મળતી માહિતી મુજબ આવાસ અને શહેરી મંત્રાલય નવી દિલ્હી દ્વારા પી એમ એ વાય યુ યુનિફાઇડ પોર્ટલ લાભાર્થી એપ્લિકેશન મોડ્યુલ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત મુખ્યત્વે સફાઈ કામદારો, શેરી ફેરીયાઓ, આંગણવાડી કાર્યકરો, ઝૂંપડપટ્ટી માં રહેતા લોકો, ફૂટપાથ પર રહેતા લોકો બાંધકામ કામદારો વગેરે વર્ગના લોકોને લાભ મળી શકશે. એટલું જ નહીં અરજદારોએ આવાસ માટે આધાર કાર્ડ સરનામું આવકના દાખલા જેવા પ્રમાણપત્રો આપવાના થશે. બીજી તરફ જૂના મકાનની જગ્યાએ નવા મકાન માટે જમીન માલિકીના દસ્તાવેજો, રહેણાંક પ્રકાર, આવકના દાખલા, નવા મકાન ખાનગી ડેવલોપર્સ પાસેથી ખરીદવા સબસીડી નો લાભ લેવા વિવિધ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. ત્યારે હાલ આ અંગે વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને તે મુજબ ભવિષ્યમાં કામગીરી પણ કરવામાં આવશે.



# વિરાણી હાઈસ્કુલ જમીનના શરતભંગ અંગે તૂર્તમાં ચુકાદો

## સીટી પ્રાંત ચાંદની પરમાર દ્વારા હાથ ધરાઈ સુનવણી : બંને પક્ષોની સાંભળવામાં આવી દલીલ

રાજકોટ, તા. ૩૦
વિરાણી હાઈસ્કુલ નો મુદ્દો છેલ્લા ઘણા સમયથી ચર્ચા નો વિષય બન્યો છે ત્યારે આશા છે કે આવતા એક સપ્તાહ ની અંદર આ અંગે સમગ્ર ચુકાદો આપવામાં આવે અને કોઈ નક્કર નિર્ણય લેવામાં આવે જેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે ગઈકાલે સીટી પ્રાંત ચાંદની પરમાર દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

છેલ્લા ઘણા સમયથી વીરાણી હાઈસ્કુલની જમીનના શરત ભંગ મામલે સીટી પ્રાંત ૧ ચાંદની પરમાર દ્વારા ગઈકાલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાં આ મુદ્દો હવે ઠરાવ પણ લેવામાં આવ્યો છે અને બે પક્ષોની દલીલો સાંભળી લેવામાં આવી છે ત્યારે મહત્વની વાત એ છે કે આવતા એક સપ્તાહની અંદર આ મુદ્દો પૂર્ણ થઈ જાય અને ચુકાદો આવી જાય તો નવાઈ નહીં. ગત ૨૬ ના રોજ હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન પ્રાંત અધિકારી ચાંદની પરમાર દ્વારા વિરાણી હાઈસ્કૂલના ટ્રસ્ટીઓને દસ્તાવેજો રજૂ કરવા માટે આદેશ કરવામાં આવ્યા હતા જે બાદ ગઈકાલ બપોરના રોજ ફરી સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

વિરાણી હાઈસ્કુલની જમીનના શરદભંગ મામલે ગઈકાલ બપોરના રોજ પ્રાંત અધિકારી ચાંદની પરમાર દ્વારા આ મુદ્દે સુનાવણી હાથ ધરવામાં આવી ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૫૧માં જિલ્લા કલેક્ટર દ્વારા રાજકોટના રેવન્યુ સર્વે નંબર ૪૨૭ ની જમીન વીરાની હાઈસ્કૂલને ફાળવવામાં આવી હતી જેમાં શરત મુકવામાં આવી હતી કે આ જમીનનો કોઈ પણ ભાગ ભાડે આપી શકાશે નહીં અથવા તો વહેંચી શકાશે નહીં કે કોઈ નફો રડવામાં આવશે. પરંતુ આ ઉપરાંત દસ્તાવેજો કે વેચાણ કે બીજી રીતે આપી શકાય નહીં તેવી વાત કરવામાં આવી હતી અને તે પ્રકારની મર્યાદા સાથે આ જમીન દુર્લભજી શામજી વિરાણીને ખેતી સિવાયના કામ માટે આપી હતી.

વર્ષ ૨૦૧૯ માં શામજી વેલજી વિરાણી ટ્રસ્ટ દ્વારા ૫,૦૦૦ ચોમી જગ્યા વેચાણ કરવા ચેરીટી કમિશનરમાં મંજૂરી માંગવામાં આવી પરંતુ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોય તેનો વિરોધ નોંધાવ્યો હતો જે અંગે કલેક્ટર સમક્ષ ફરિયાદ કરાતા સમગ્ર કેસ હાઇકોર્ટમાં પહોંચ્યો હતો. આ મુદ્દે હાઇકોર્ટ દ્વારા ફરી એક વખત ફેર સુનાવણી કરી યોગ્ય નિર્ણય લેવા માટે આદેશ કર્યો જે દરમિયાન કલેક્ટર તંત્ર દ્વારા જાણવા મળ્યું કે કલેક્ટરની લેખિત પરવાનગી મેળવ્યા વગર આ જમીન વિરાણી હાઈસ્કૂલના ઉપયોગ સિવાય બીજા કામ માટે ઉપયોગ કરવા મનાઈ ફરમાવવામાં આવી છે. જે હુકમ સામે નારાજ થયેલા ટ્રસ્ટીઓએ હાઇકોર્ટમાં દલીલ કરતા હાઇકોર્ટે ટ્રસ્ટીઓને આ પ્રકરણમાં ફેર સાંભળવા માટે હુકમ કર્યો હતો ત્યારે પ્રાંત અધિકારી ચાંદની પરમાર દ્વારા ગઈકાલ બપોરે આ અંગે સુનાવણી કરવામાં આવી હતી ત્યારે હવે ઠરાવ ઉપર લેવામાં આવ્યો છે અને બંને પક્ષોની દલીલ પણ સાંભળવામાં આવી હતી જે બાદ હવે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આગામી એક સપ્તાહની અંદર ચુકાદો આપવામાં આવશે તેવું હાલ ચિત્ર સામે આવી રહ્યું છે.

### મતદાર યાદી, ઈવીએમ સહિતના મુદ્દે ચૂંટણી કમિશનર દ્વારા અપાયું માર્ગદર્શન

# નગરપાલિકાની ચૂંટણીનું કાઉન્ટડાઉન

## રાજકોટ જિલ્લાની પાંચ સહિત રાજ્યની ૯૪ નગરપાલિકાની ચૂંટણી અંગે યોજાઇ વિડિયો કોન્ફરન્સ

રાજકોટ, તા. ૩૦
રાજકોટ જિલ્લાની પાંચ સહિત રાજ્યની ૯૪ નગરપાલિકા ની ચૂંટણીનું જાહેરનામુ ટૂંક સમયમાં જ પ્રસિદ્ધ થવાનું છે આ અંગે ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું હાલ જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે. ચૂંટણી પંચના મુરલી કૃષ્ણ દ્વારા રાજકોટ જિલ્લા સહિત રાજ્યભરના તમામ જિલ્લાઓના કલેકટરો તથા અધિક કલેક્ટર અને વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં મતદાર યાદી, ઈવીએમ ડેટાબેઝ, સ્ટાફ સહિતની તૈયારીઓની માહિતી મેળવી હતી.

રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકાની યોજનારી ચૂંટણી અંગે હાલ મતદાન યાદીની




કામગીરી ચાલી રહી છે ત્યારે ટૂંક સમયમાં નગરપાલિકાની ચૂંટણી અંગેનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવશે. ગઈકાલે રાજ્ય ચૂંટણી પંચના એસ મુરલી કૃષ્ણ દ્વારા રાજ્યના કલેકટરો સાથે વિડિયો કોન્ફરન્સ યોજવામાં આવી જેમાં નગરપાલિકા અને ગ્રામ પંચાયત ચૂંટણી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લાની પાંચ જેટલી નગરપાલિકા ચૂંટણી આવનારા દિવસોમાં યોજાઇ રહી છે જેમાં ભાયાવદર, જેતપુર, ધોરાજી, ઉપલેટા જસદણ સહિતની નગરપાલિકાની ચૂંટણી યોજાશે જેને લઈ ગઈકાલે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નીમાયેલા નોડલ અધિકારી સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને ચૂંટણી તૈયારીઓની માહિતી મેળવવામાં આવી હતી. નગરપાલિકાની ચૂંટણી યોજાઈ તે માટે હાલ તમામ પગલાંઓ અને પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે શાંતિપૂર્ણ માહોલમાં નગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ તે માટે તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. ગઈકાલે યોજાયેલી વિડિયો કોન્ફરન્સ બેઠકમાં કલેક્ટર તથા નોડલ અધિકારીઓ સાથે વાતચીત કરવામાં આવી હતી જેમાં ઈવીએમ અને મતદાર યાદી સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

### અઢી અક્ષરનો પ્રેમ ગમે ત્યારે ગમે તેની સાથે થઇ જાય...પણ નસીબદારની લવસ્ટોરી જ આગળ વધી શકે

# સગીરા અને યુવાનની પ્રેમકહાનીનો બંનેના મોત સાથે કરૂણ અંત

## નાના માત્રાની સોળ વર્ષની બાળાને બાજુના કોટડા ગામનો એકવીસ વર્ષનો યુવાન ભગાડી ગયો: બંનેની લાશ ચોટીલાના લાખણકા પાસે વાડીના રૂમમાંથી મળી: સજોડે ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દેતાં અરેરાટી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૩૦**

અઢી અક્ષરના પ્રેમ પાછળ અનેક ફના થઇ ગયા છે, બરબાદ થઇ ગયા છે. તો અનેકને પ્રેમ ફળતાં તેઓ લગ્ન કરી આગળ વધી ગયા છે. પરંતુ મોટે ભાગે કાચી વયે થઇ જતો પ્રેમ આગળ વધે એ પહેલા જ તેની કહાનીનો ઘણીવાર અંત આવી જતો હોય છે. ઘણીવાર આવી પ્રેમકહાનીનો કરૂણ અંત પણ આવે છે. વધુ એક આવી ઘટના બની છે જેમાં વિછીયા પંથકની સોળ વર્ષની બાળા અને બાજુના જ ગામના એકવીસ વર્ષના યુવાનને પ્રેમ થઇ જતાં ગુરૂવારે બંને ગૂમ થઇ ગયા હતાં. આ મામલે યુવાન સામે સગીરાના અપહરણનો ગુનો દાખલ થયો હતો. પોલીસ અને પરિવારના લોકો બંનેને શોધી રહ્યા હતાં એ વચ્ચે બંનેના મૃતદેહ ચોટીલાના લાખણકા ગામની સીમમાં આવેલી રમેશભાઇની વાડીના બે માળના રૂમ પૈકી ઉપરના રૂમમાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પ્રેમમાં સમાજ એક નહિ થવા દે તેમ લાગતાં બંનેએ આપઘાત કરી લીધાના તારણ પર પોલીસ પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો લાખણકા ગામે વાડીના રૂમમાંથી સાયલાના કોટડા ગામના એકવીસ વર્ષના યુવાન અને વિંછીયાના નાના માત્રા ગામની સોળ વર્ષની સગીરાની ભેદી સંજોગોમાં લાશ મળી આવતાં ચકચાર જાગી હતી. ગયા ગુરૂવારે જ આ યુવાન વિરૂધ્ધ સગીરાના અપહરણ અંગેનો ગુનો વિંછીયા પોલીસમાં સગીરાના પિતાએ દાખલ કરાવ્યો હતો. પોલીસ અને પરિવારજનો બંનેની શોધખોળ કરી રહ્યા હતાં ત્યારે બંનેની લાશ મળી આવતાં પોલીસે કાર્યવાહી કરી મૃતદેહોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યા હતાં. ઘટનાની જાણવા મળેલી માહિતી અનુસાર ચોટીલાના લાખણકા ગામની સીમમાં આવેલી રમેશભાઇ ખોડાણીની વાડીના ઉપરના રૂમમાં યુવાન અને સગીરાના મોત થયાની જાણ થતાં



ચોટીલા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસે બંનેને ઓળખ મેળવવા તપાસ હાથ ધરતાં ગુરૂવારે વિંછીયા પોલીસ સ્ટેશનમાં યુવકે સગીરાનું અપહરણ કર્યાની ફરિયાદ દાખલ હોઇ તેના આધારે વિંછીયા પોલીસને જાણ કરતાં પોલીસે મૃતદેહના ફોટા મંગાવી અપહ્રત સગીરાના



વાલીને બતાવતાં મૃતદેહની ઓળખ થઇ હતી.

આ ઘટનામાં મૃત્યુ પામનાર બાળાનું નામ શ્રધ્ધા જસમતભાઇ કમાભાઇ ડેરવાડીયા હોવાનું અને તે વિછીયાના નાના માત્રા ગામની તથા સાડા સોળ વર્ષની હોવાનું અને તેની સાથેના મૃતક યુવાનનું નામ ચિરાગ લઘુભાઇ નરસભાઇ ધોરીયા હોવાનું તથા તે નાના માત્રાથી નજીકમાં જ આવેલા સાયલા તાબેના કોટડા ગામનો હોવાનું અને તેની ઉમર એકવીસ વર્ષ હોવાનું સ્પષ્ટ થતાં ચોટીલા પોલીસે બંનેના પરિવારજનોને બોલાવી કાર્યવાહી હાથ ધરી હતી. ચોટીલા પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ સગીરા અને યુવાને રમેશભાઇની વાડીના બે માળના મકાનમાં ઉપરના માળે આપઘાત કરી લીધાનું પ્રાથમિક તપાસમાં જણાય છે.

દોરી વડે બંનેએ એક સાથે ફાંસો ખાધો કે પછી પહેલા સગીરાનું મોત થયું અને પછી યુવાને આપઘાત કર્યો? તે સહિતની તપાસ હાથ ધરવામાં આવી હતી. મૃત્યુ પામનાર સગીરા પાંચ ભાઇની એકની એક પાંચમા નંબરની બહેન હતી. તેના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે. સગીરાને નાના માત્રાથી નજીકમાં જ આવેલા કોટડા ગામનો ચિરાગ લઘુભાઇ ધોરીયા ગુરૂવારે ભગાડી ગયો હોઇ આ અંગે તેણીના પિતાએ વિંછીયા પોલીસને જાણ કરતાં પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ત્યાં ગઇકાલે અપૃહત સગીરા અને અપહરણકાર યુવાનની લાશ લાખણકાની વાડીના મકાનમાંથી મળતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. મૃતક ચિરાગ ચાર ભાઇ અને એક બહેનમાં બીજો તથા કુંવારો હતો.

તે પિતા સાથે ખેતી મજૂરી કરતો હતો. બંને વચ્ચે પ્રેમ થઇ ગયો હોઇ યુવાને તેણીને ભગાડ્યા બાદ સમાજ એક નહિ થવા દે તેવુ લાગતાં સજોડે આપઘાત કરી લીધાની શક્યતા સેવાઇ રહી છે. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ આગળ કાર્યવાહી કરશે. આજના યુગમાં સગીર-સગીરાઓ, યુવાન-યુવતિઓ અને ઘણીવાર પરણેલાઓ વચ્ચે પણ પ્રેમ થઇ જતો હોય છે. પરંતુ આવી અનેક પ્રેમકહાનીનો કરૂણ અંત આવતો હોવાના કિસ્સા અવાર-નવાર બનતા રહે છે, તેમાં આ બનાવથી વધુ એક ઘટનાનો ઉમેરો થયો છે.